₹ ૨૦/-

સદ્‌ભાવનાઓ સહિત

પ્રભુ અર્પણ

નવેમ્બર - ૨૦૨૧

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

✻

સાધક માટે પ્રથમ જરૂરિયાત પોતાના આધ્યાત્મિક વિકાસ અને અનુભૂતિ ઉપર વિશેષરૂપે એકાગ્રતા કરવાની હોય છે — બીજાઓને મદદ કરવા જવાની આતુરતા રાખવામાં આંતરિક કાર્યથી દૂર જવાય છે. પોતાના આત્માની અંદર વિકાસ સાધીને જ અન્યને સારી રીતે મદદ કરી શકાય છે, કારણ કે ત્યારે સાધકમાંથી એવી કોઈ વસ્તુ કુદરતી રીતે વહે છે જેનાથી બીજાઓને મદદ મળે છે.

શ્રી અરવિન્દ

પૃથ્વી પરનું જીવન એ પ્રગતિ માટેનું ક્ષેત્ર છે; પરંતુ જે પ્રગતિ આપણે કરવાની છે એને માટે જીવનની અવધિ કેટલી ટૂંકી છે! પોતાની ક્ષુદ્ર કામનાઓના સંતોષ માટે પોતાનો સમય બરબાદ કરવો એ નરી મૂર્ખામી છે. માણસ જ્યારે પ્રભુ-પ્રાપ્તિ કરી લે છે ત્યારે જ એને સાચું સુખ પ્રાપ્ત થાય છે.

શ્રી માતાજી

(CWM : 16 : 434)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

નવેમ્બર - ૨૦૨૧ વર્ષ : ૦૭ અંક : ૧૧

અનુક્રમ

સદ્‌ભાવનાઓ સહિત

સદ્‌ભાવ અને પ્રગતિ	૦૬
સદ્‌ભાવ અને સાધના	૧૦
સદ્‌ભાવ અને માનવસંબંધો	૧૩
સદ્‌ભાવ અને બિરાદરીનું જીવન	૧૬
સદ્‌ભાવ અને માનવજાતિ	૧૯
સદ્‌ભાવ અને શિક્ષણ	૨૧
સદ્‌ભાવ અને શરીર	૨૩
સદ્‌ભાવ-માર્ગદર્શક સંકલ્પ	૨૬
વલણોની શૃંખલા	૨૮
અધિકાર અને કર્મ	૩૩

તંત્રીનોંધ : પૂર્ણયોગના આ ખૂબ પડકારરૂપ માર્ગ ઉપર આપણે જેમ આગળ વધીએ, ઊર્ધ્વે આરોહણ કરીએ છીએ તેમ દરેક પગથિયે ઘણી બધી માગણીઓ આપણી પાસે કરવામાં આવતી હોય છે - સત્યનિષ્ઠા, વિનમ્રતા, સમતા, અભીપ્સા, પરિત્યાગ, સમર્પણ.... એક આવો જ વિચાર છે એ છે સદ્‌ભાવ અંગેનો. પણ આ સદ્‌ભાવ એટલે શું? આપણી સાધના અને આપણા જીવનમાં એનું શું સ્થાન છે? આ એક એવો શબ્દ છે જેનાથી આપણે પરિચિત છીએ, જેનો ઉપયોગ આપણે હળવાશથી કરતાં હોઈએ છીએ, નાદાનિયતથી કદાચ સદ્‌ભાવને આપણે અભિવ્યક્ત કરતાં હોઈએ છીએ! પણ ખરેખર આ શબ્દ એના અર્થમાં શક્તિશાળી છે અને એનું કાર્ય રૂપાંતરકારી હોય છે. એ છે આધારશિલા જેના પર આધારિત હોય છે જગત પરત્વેનું આપણું વલણ અને આપણા જીવનોની ક્ષણોને વહેંચવા જે આવેલાં છે તે સર્વ પરત્વેના આપણા વલણની આધારશિલા આ 'સદ્‌ભાવ' જ છે.

સદ્‌ભાવ વિના માનવ ક્રિયાપ્રતિક્રિયાઓ અને એના પરિણામ સ્વરૂપ અહંકારોની જાળમાં આપણે ગૂંચવાયેલાં જ રહીએ!

સદ્‌ભાવ સાથે શક્ય વમળોમાંથી બહાર નીકળી આવવાની તક સાંપડે છે એટલું જ નહિ, પરંતુ આપણે પ્રકાશમાન હૃદય, વધુ સંવાદમય અને લોકહિતેચ્છુ, વધુ સખાવતી, વધુ સમાવેશક, વધુ પ્રોત્સાહક અને વધુ કૃતજ્ઞતાસભર હૃદય પોતાના પ્રતિ તેમ જ જેને એ સમર્પિત થયું હોય તે સર્વ પ્રતિ — આવા હૃદયપૂર્વકનાં વલણોની એકાગ્રતા સહિત ઈશ્વર પરત્વેની આપણી યાત્રાને આગળ ધપાવી શકીએ.

સદ્‌ભાવ સહિત શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધામાં આપણે સહભાગી થઈએ. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ આપણને ઘણા સંદર્ભો પૂરા પાડ્યા છે જેના દ્વારા આપણે આ ભ્રામક સરળ શબ્દને લાગુ કરવાની રીત તથા તેના સૂચિતાર્થને સમજી શકીએ.

હિંમતવાન સદ્‌ભાવ *Courageous Goodwill*

અને પછી પ્રગતિ માટેની અભીપ્સા હોવી જ જોઈએ : પોતે જે છે તેનાથી સંતુષ્ટ ન બની રહેવું, પોતે કેવા છે, પોતે શું કરે છે, પોતે શું જાણે છે, અથવા પોતે જાણે છે એવું જે વિચારે છે તેનાથી જ સંતુષ્ટ ન બની રહેવું. પરંતુ સતત અભીપ્સા સેવવી, કંઈક વધુ, કંઈક સારું પ્રાપ્ત કરવાની અભીપ્સા. મહત્તર પ્રકાશ, વિશાળતર ચેતના, સાચું સત્ય, વૈશ્વિક ભલમનસાઈની અભીપ્સા સેવવી. અને આ સર્વથી સવિશેષ એક એવી સદભાવના કેળવવી, જે કદાપિ નિષ્ફળ જઈ શકે નહિ.

(CWM : 8 : 205) **શ્રી માતાજી**

સદ્ભાવ અને પ્રગતિ

જો તમે સચેતન અભીપ્સાની અવસ્થામાં હશો અને ઘણા સત્યનિષ્ઠ હશો તો બધી વસ્તુઓ તમારી ચારે બાજુ એવી રીતે ગોઠવાયેલી હશે જે તમને તમારી અભીપ્સામાં મદદ કરશે. પછી સીધી કે આડકતરી રીતે, એટલે કે તમારી પ્રગતિ કરવા માટે કોઈક નવીન વસ્તુના સંપર્કમાં એ તમને મૂકી આપશે. અથવા જે વસ્તુને તમારી પ્રકૃતિમાંથી નીકળી જવાની જરૂર હશે તેને તે બાતલ કરી દેશે. આ એક ઘણી જ અદ્ભુત વસ્તુ છે. જો તમે અભીપ્સાની તીવ્રતાની સાચી અવસ્થામાં હો તો એક પણ એવો સંયોગ નથી જે તમને તમારી અભીપ્સાનો સાક્ષાત્કાર કરવામાં મદદરૂપ ન થાય. બધી જ વસ્તુઓ આવે છે, દરેક, જાણે કે એક પૂર્ણ અને નિરપેક્ષ ચેતના તમારી આજુબાજુ બધી વસ્તુઓને ગોઠવે છે. અને તમારા બાહ્ય અજ્ઞાનમાં તમે પોતે તેને જાણી શકતા ન હો અને પહેલાં તો સંજોગો જે રીતે દેખાય છે તેમના પ્રત્યે બંડ કરતા હો, તમે ફરિયાદ કરતા હો, તેમને ફેરવવાનો તમે પ્રયત્ન કરતા હો, પરંતુ થોડા સમય પછી, જ્યારે તમે થોડા વધારે ડાહ્યા બનો, અને તમારી અને બનાવની વચ્ચે થોડું અંતર હોય, ત્યારે તમને સમજાશે કે તમારી જરૂરી પ્રગતિ કરવા માટે તમારે તે સંજોગોની ખાસ જરૂર હતી. અને તમે જાણો છો કે તે એક સંકલ્પશક્તિ છે, એક પરમ શુભ સંકલ્પશક્તિ, જે તમારી આજુબાજુ વસ્તુઓને ગોઠવે છે. અને જ્યારે તમે તેને સ્વીકારવાને બદલે ફરિયાદ કરતા હો, વિરોધ કરતા હો, ત્યારે પણ, એવી ક્ષણોમાં પણ, તે ખૂબ અસરકારક રીતે કાર્ય કરતી હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૭૧)

*

તમે જ્યારે સદ્ભાવનાથી ભરેલા હો, તમે જ્યારે જાણતા હો છો કે તમે કશું જ નથી જાણતા. તમારે સર્વ વસ્તુઓ શીખવાની છે ત્યારે તમે થોડા નમનીય બનવાની શરૂઆત કરો છો અને પછી જ્યારે શક્તિ દબાણ મૂકે છે ત્યારે તમે પ્રત્યુત્તર આપો છો. (CWM : 6 : 300)

*

સાચી રીતે કાર્ય કરવાનો માત્ર એક જ માર્ગ છે, અને તે દર મિનિટે, દર ક્ષણે, દરેક ગતિમાં પોતે જોઈ શકે તે ઉચ્ચતમ સત્યને જ માત્ર અભિવ્યક્ત કરવાનો અને સાથે સાથે જાણવાનો કે એ સત્યનું દર્શન પ્રગતિમય હોવું જોઈએ; આજે તમને જે સૌથી વધારે સત્ય દેખાય છે તે આવતી કાલે તેવું નહિ રહે, તમારી મારફતે ઉચ્ચતર સત્યને વધુને વધુ પ્રમાણમાં અભિવ્યક્ત થવા દેવું પડશે. પરિણામે, તમને આરામમય તમસમાં ઊંઘવાનો કોઈ અવકાશ નહિ રહે. માણસે હંમેશાં જાગ્રત રહેવું જોઈશે. હું શારીરિક નિદ્રાની વાત નથી કરતી, માણસે હંમેશાં જાગ્રત, સભાન, અને પ્રકાશમય ગ્રહણશીલતાથી અને સદ્ભાવથી સભર ભરેલા રહેવું જોઈશે. તેણે હંમેશાં શ્રેષ્ઠ વસ્તુની જ ઇચ્છા રાખવી પડશે; તેણે કદી પોતાની જાતને એવું નહિ કહેવાનું રહે કે ''ઓહ, આ તો થકવી નાંખે તેવું છે! મને થોડોક આરામ કરવા દો, શિથિલ બનવા દો! ઓહ, હું આ પ્રયાસ બંધ કરી દેવા માગું છું.'' જો તે તેમ કરશે, તો તે તરત જ કોઈ છિદ્રમાં પતન પામશે અને કોઈ મોટી, મૂખાઈભરેલી ભૂલ કરી બેસશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૨૯૧)

*

એક બીજો અભ્યાસ પણ ચેતનાના વિકાસ માટે બહુ મદદરૂપ થઈ શકે તેમ છે, કોઈ પણ વસ્તુ અંગે જ્યારે મતભેદ પડે, દા.ત. અમુક નિર્ણય લેવાનો હોય, યા તો કોઈ કામ પાર પાડવાનું હોય ત્યારે આપણે તે બાબતમાં આપણા જ દૃષ્ટિબિંદુને યા તો તે અંગેના આપણા ખ્યાલને જ વળગી ન રહેવું જોઈએ. ઊલટું, આપણે સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો જોઈએ, તેની જગાએ આપણને પોતાને મૂકી જોવા જોઈએ. અને તે અંગે ટંટોફિસાદ યા તો લડાઈ પણ કરી લેવાને બદલે કોઈક એવો ઉકેલ શોધવો જોઈએ કે જેથી બંને પક્ષને માફકસર સંતોષ થઈ શકે. અને જેનું મન શુભનિષ્ઠાવાળું છે તેને હંમેશાં આવો ઉકેલ અવશ્ય જડી આવે જ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : ૦૬)

*

તમારામાં જો એવી કોઈ ખામી હોય કે જેને તમે દૂર કરવા માગતા હો અને છતાં તે જતી ન હોય અને પછી તમે કહો કે, 'મારાથી થાય તે સર્વ કાંઈ મેં કર્યું છે' તો યાદ રાખજો કે તમારે કરવા જેવું 'સર્વ કાંઈ' તમે ખરેખર કર્યું નહિ હોય. જો તમે તેમ કર્યું હોય તો જરૂર સફળ થયા હોત. કારણ કે તમારી ઉપર જે મુશ્કેલીઓ આવે છે તે તમારી શક્તિ સાથે સપ્રમાણમાં હોય છે. એવી કોઈ વૃત્તિ તમારામાં ઉદ્ભવી શકતી નથી જેને સંબંધિત કોઈ વસ્તુ તમારી ચેતનામાં હાજર ન હોય. અને જે વસ્તુ તમારી ચેતનામાં હોય છે તેના ઉપર પ્રભુત્વ મેળવવું હંમેશાં શક્ય હોય છે. તમારી ચેતનાની બહારથી આવતી વૃત્તિઓ અને સૂચનો પણ તમારી ચેતનાની સંમતિ હોય તેટલા પ્રમાણમાં જ તમને સ્પર્શી શકે છે. તમારું સર્જન તમારી ચેતનાના તમે સ્વામી બનો તે માટે જ કરવામાં આવેલું છે. એટલે જો તમે એમ કહેતા હો કે, 'મારાથી શક્ય તે સર્વ કાંઈ મેં કર્યું છતાં અમુક વસ્તુ જતી નથી એટલે હવે તો હું પ્રયત્ન નહિ કરું.' તો તમે ખાતરી રાખજો કે ખરેખર તમારાથી શક્ય તેટલું તમે નહિ કર્યું હોય. જ્યારે કોઈ ક્ષતિ 'અને છતાં' કરીને ચીટકી રહેતી હોય ત્યારે એનો અર્થ એ હોય છે કે તમારા સ્વરૂપમાં કોઈક વસ્તુ સંતાઈને બેઠેલી છે અને પેટીમાંના ભૂતની માફક અચાનક બહાર આવીને તમારા જીવનના સુકાનનો કાબૂ લઈ લે છે. આનો ઇલાજ એ છે કે તમારે તમારી અંદર છૂપા પડેલા અંધારા ખૂણાઓ શોધી કાઢવા, તેમનામાં શુભ ભાવનાનો નાનોસરખો તણખો મૂકવો, અને પછી તમે જોશો કે આમ કરવાની સાથે જ એ અંધકાર પરાજિત થઈ લોપ પામી જશે. જે વસ્તુ કરવી તમને અશક્ય લાગતી હશે તે કેવળ શક્ય અને વ્યવહારૂ નહિ પણ એક સિદ્ધ કરવામાં આવેલી હકીકત બની રહેશે. કોઈ મુશ્કેલી તમને વર્ષોથી પરેશાન કરી રહી હશે તો તેને પણ આ રીત અજમાવશો તો તે એક મિનિટમાં દૂર કરી શકાશે. આ બાબતમાં હું તમને સ્પષ્ટ ખાતરી આપું છું. આમાં શરત માત્ર એટલી જ છે કે તમારા પોતાનામાં રહેલી ક્ષતિથી મુક્ત થવા માટે તમારામાં ખરેખરી, અંતરની, સચ્ચાઈપૂર્વકની ઇચ્છા હોવી જોઈએ. અને આ વસ્તુ શારીરિક માંદગીથી માંડીને મોટામાં મોટી માનસિક મુશ્કેલી બાબતમાં એક સરખી રીતે લાગુ પડે છે. ચેતનાનો એક ભાગ પણ એમ કહેતો હોય છે કે, 'મારે એ વસ્તુ ના જોઈએ.' પરંતુ ભીતરમાં ઢગલાબંધ એવી વસ્તુઓ સંતાયેલી હોય છે કે જે એ બાબતમાં કંઈ કહેતી નથી, પોતાને પ્રગટ કરતી નથી, કારણ કે એમને વસ્તુસ્થિતિ

જેમ હોય છે તેમ જ ચાલવા દેવી હોય છે અને એમના પાયામાં કોઈ અજ્ઞાનમૂલક કારણ રહેલું હોય છે. એ તત્ત્વોને પરિસ્થિતિમાં સુધારો કરવાની જરૂરિયાત લાગતી નથી, તેમને એમ જ હોય છે કે જગતની સારામાં સારી વસ્તુઓ માટે જરૂરી હોય તેવાં ઉત્તમમાં ઉત્તમ તત્ત્વો તેમનામાં છે. જે સન્નારી સાથે મારે વાર્તાલાપો થયેલા તે પણ એમ કહેતી હતી કે, 'આપણે આપણી જાતમાં પરિવર્તન કરવા પ્રયત્ન કરીએ ત્યારે જ મુશ્કેલીઓ ઊભી થાય છે.' એક મહાન ગણાતા ફ્રેંચ લેખકે એ વાતને દોહરાવી એમાંથી તેણે એક સગવડિયો સિદ્ધાંત બનાવી લીધો, 'આપણે આપણી જાતને પૂર્ણ બનાવવા ઇચ્છા કરીએ છીએ ત્યારે જ મુશ્કેલીઓ જન્મે છે, એટલે કોઈ પ્રકારની પીડા ઊભી ન કરવી હોય તો આપણી જાતને પૂર્ણ બનાવવા પ્રયત્ન જ ન કરવો!' મારે તમને કહેવું જોઈએ કે આમ કહેવું એ ભયંકર જૂઠાણું છે. એમાં સાચી વાત એટલી જ છે કે તમારામાં એવી ઘણી વસ્તુઓ રહેલી હોય છે કે જેમના વિશે તમને કશી ખબર નથી હોતી. એમની ઇચ્છા એવી હોય છે કે તમે એમની સ્થિતિમાં વિક્ષેપ ન પાડો અને જો તમે એ વસ્તુઓ સાથે કામ પાડવા જાઓ છો તો તેઓ જાણે એમ બોલી ઊઠે છે, 'હવે આ શી માથાકૂટ, છોડો મને!'

*

'જે લોકો પોતાના ચિત્પુરૂષની સાથે સંપર્ક સાધી શક્યા હોય છે, તેઓ જ પોતાની અંદર અભીપ્સાની જ્યોતને જીવતી રાખી શકે છે અને પોતે જે આદર્શ સાધવાનો હોય છે તેની સચેતનતા ટકાવી શકે છે. એવા લોકોને માટે પ્રાણની આવી કટોકટીઓ બહુ લાંબો વખત ટકતી નથી, એટલી બધી જોખમકારક પણ બનતી નથી. આ સચેતનતાની સહાય વડે તેઓ કોઈ તોફાને ચડેલા બાળક સાથે કામ લેતા હોય તેમ પોતાના પ્રાણની સાથે ધીરજથી અને ખંતથી કામ લે છે, તેને સત્યનું અને પ્રકાશનું દર્શન કરાવે છે, તેને ખાતરી આપવા પ્રયત્ન કરે છે અને તેની ઘડીભરને માટે ઢંકાઈ ગયેલી શુભ વૃત્તિને જાગૃત કરી શકે છે.'

અને છેલ્લું આશ્વાસન તે આ છે. જે લોકો ખરેખર સત્યનિષ્ઠ છે, સાચેસાચ શુભવૃત્તિવાળા છે, તેઓ આ કટોકટીઓને પ્રગતિના સાધનમાં ફેરવી લઈ શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૮૭-૮૮ અને ૬૨-૬૩)

ડૉ. બેહચરલાલ : .... દરેક વ્યક્તિમાં ઈશ્વરનું દર્શન કઈ રીતે કરવું ? સર્વ પ્રત્યે પ્રેમ તથા સર્વને માટે સદ્‌ભાવ કેવી રીતે કેળવવો?

શ્રી અરવિન્દ : સાધકે સર્વ માટે સદ્‌ભાવનો વિચાર કેળવી શરૂઆત કરવાની રહે છે, ઈશ્વરચરણે પોતાની જાતનું નૈવેદ્ય ધરી દેવું, અન્ય લોકોમાં ઈશ્વરનું દર્શન કરવાનો પ્રયત્ન કરવો, ચૈત્ય નિયંત્રણ કેળવવું, અને પોતાની અંદર રહેલા સર્વ પ્રાણમય અને મનોમય આવેગોનો પરિત્યાગ કરવો. આ આધારો પર સાધક સાક્ષાત્કાર પ્રતિ આગળ વધી શકે છે. વિચાર અનુભૂતિમાં પરિવર્તિત થવો જ જોઈએ. એક વખત સાક્ષાત્કાર સિદ્ધ થઈ જાય પછી સર્વ કંઈ સરળ બની રહે છે. પરંતુ તે પછી પણ એ સરળ બને છે સ્થિર રીતે. એ જ્યારે સક્રિય અભિવ્યક્તિના ક્ષેત્રમાં આવે છે ત્યારે એ મુશ્કેલ બની રહે છે. આમ સાધક જ્યારે કોઈ વ્યક્તિને પશુસમાન વર્તન કરતી જુએ ત્યારે એની અંદર પ્રભુનું દર્શન કરવાનું એને માટે મુશ્કેલ બની રહે છે. સિવાય કે સાધક એ

વ્યક્તિને એની બાહ્ય પ્રકૃતિથી અલગ કરી દઈ પૂઠળે રહેલા ઈશ્વરનું દર્શન કરે.

(Talks with Sri Aurobindo, Vol-I, Nirodbaran)

સાધક બે પ્રકારનાં વલણ અપનાવી શકે : સર્વ પ્રતિ શાન્ત સમતાનું વલણ — મિત્રતા કે દુશ્મનાવટના ભાવ વગર — સામાન્ય સદ્ભાવનું વલણ.

હું તમને જણાવું છું કે રોષ કે અન્ય કંઈ તમારી વર્તણૂંકને અસર કરે એમ થવા દેશો નહિ. આ બધી વસ્તુઓને બાજુ પર મૂકી દો અને અંતરમાં શાન્તિ અને ઈશ્વર માટે અભીપ્સા સેવવી એ જ એક મહત્ત્વની વસ્તુ છે એવું વલણ અપનાવો — આ સંઘર્ષો તે અહંકારના ઉછાળાઓ માત્ર છે. તમારી જાતને એક દિશામાં વાળો અને બાકીની બાબતોમાં સર્વ પ્રત્યે શાન્ત સદ્ભાવનું વલણ જાળવી રાખો. (CWSA 31 : 313)

*

પ્રેમ અને મિત્રો પ્રત્યેની લાગણીનો અભાવ પરમાત્મા પ્રત્યેની નજદીકી માટે જરૂરી છે એવું નથી; તેનાથી ઊલટું, બીજાઓ સાથે એક પ્રકારની આત્મીયતા અને એકતા એક એવી દિવ્ય ચેતનાનો ભાગ છે જેમાં સાધક પરમાત્મા સાથેની ઐક્યતા અને આત્મીયતા સાથે પ્રવેશ કરે છે....

*

મૈત્રી અથવા સ્નેહ આ યોગમાંથી બાકાત કરવામાં આવતાં નથી. પ્રભુ સાથેની મૈત્રી આ સાધનામાં માન્ય થયેલો સંબંધ છે. સાધકો વચ્ચે મિત્રાચારીનું અસ્તિત્વ હોય છે અને શ્રી માતાજી તેને પ્રોત્સાહન પણ આપે છે. ફક્ત અમે એટલું જ ઇચ્છીએ છીએ કે માનવ મિત્રાચારી જે અસલામતીના પાયા ઉપર રચાયેલી હોય છે તેના કરતાં વધારે મજબૂત પાયા ઉપર તેનું સ્થાપન થાય. એ સ્પષ્ટ છે કે અમે મિત્રાચારી, ભ્રાતૃભાવ અને પ્રેમને પવિત્ર વસ્તુઓ ગણીએ છીએ અને તેથી અમે આ ફેરફાર ઇચ્છીએ છીએ. કારણ કે અમને તે દરેક ક્ષણે અહંકારની ગતિઓથી ભાંગી પડે છે એવું જોવાની ઇચ્છા નથી, તેમ જ આવેગોથી કલુષિત થયેલી કે નાશ પામેલી, ઈર્ષાઓ અને દગાઓ જે પ્રાણને લઈને બને છે તે પણ અમારે જોવાની ઇચ્છા નથી, આખરે તેમને સાચી રીતની પવિત્ર અને સલામતીવાળી અમારે જોઈએ છીએ. એવી વસ્તુઓ જેનું મૂળ આત્મામાં હોય અને જેનો પાયો પરમાત્માના પહાડ ઉપર રચાયેલો હોય. આપણો યોગ સંન્યાસીનો યોગ નથી; તે વિશુદ્ધિનું લક્ષ્ય રાખે છે, નહિ કે ઠંડી તપસ્યાનું. આપણે જે સંવાદ માટે અભીપ્સા રાખીએ છીએ તેમાં મૈત્રી અને પ્રેમ આવશ્યક સૂરો છે. તે કોઈ મિથ્યા સ્વપ્ન નથી, કારણ કે અમે જોયેલું છે કે અપૂર્ણ અવસ્થાઓમાં પણ, કોઈ અનિવાર્ય મૂળ તત્ત્વ થોડા અંશે પણ તેના મૂળમાં હોય તો આ વસ્તુ શક્ય છે. શું તે મુશ્કેલ છે અને જૂના વિઘ્નો જીદ્દી રીતે હજુ પણ ચોંટી રહે છે? પરંતુ લક્ષ્ય પ્રત્યે પૂર્ણ વફાદારી અને લાંબા પ્રયત્ન સિવાય કોઈ પણ વિજય પ્રાપ્ત થઈ શકતો નથી. ધીરજ રાખ્યા સિવાય બીજો કોઈ પણ માર્ગ નથી.

*

સદ્ભાવ અને સાધના

ઉશ્કેરાટ, ઉગ્રતા, ગુસ્સો, આ બધી જ વસ્તુઓ, કાયમ, અપવાદ વગર, નિર્બળતાની નિશાનીઓ છે. અને જ્યારે કોઈ પોતાની વાણીમાં ઉશ્કેરાઈ જાય છે, અને ખાસ કરીને જે વસ્તુ તેણે ન બોલવી જોઈએ તેવું બોલે છે, તો આ ખરેખર ભીતિયુક્ત માનસિક નબળાઈની નિશાની છે – માનસિક અને પ્રાણિક – ભીતિની. નહિ તો તમે જગતમાંનાં બધાં અપમાનો સહન કરો અને લોકો બધી શક્ય મૂર્ખાઈઓ વિશે વાત કરે; જો તમે નિર્બળ નહીં હો, તો તમે કદાચ બહારથી હસતાં નહીં હો, કારણ કે હસવું એ સારો ભાવ પેદા કરતું નથી, પરંતુ ઊંડાણમાં તમારી પોતાની અંદર, તમે હસતા હશો. તમે તેને ચાલી જવા દો છો, તે તમને સ્પર્શ કરતું નથી.... ફક્ત તમે તમારા મનમાં સ્થિર રહેવાની ટેવ પાડી હશે, જે પ્રમાણે મેં તમને સલાહ આપી છે તે મુજબ, જો તમને સત્યનું તમારી અંદર દર્શન થયું હશે, તો તમે ગમે તે વસ્તુ સાંભળી શકશો. તમારામાં એ એક આંદોલન જેવું પણ ઉત્પન્ન નહીં કરે – દરેક વસ્તુ અવિચલ અને સ્થિર રહે છે. અને આપણે હમણાં થોડા વખત પહેલાં વાત કરી તે સાક્ષી હાજર હશે, જે આ પ્રહસન ઉપર નજર રાખતો હશે, તો તે ખરેખર સ્મિત કરતો હશે.

પરંતુ જો તમે બીજી વ્યક્તિ તરફથી ફેંકાયેલાં ઉગ્રતાનાં અને ગુસ્સાના આવેગોનાં આંદોલનોને તમારા ઉપર ઝીલશો, જો તમને તેની અસર થાય, પહેલાં શરૂઆતમાં તો તેમ થાય છે... અને પછીથી ઓચિંતાનો એક સામો પ્રત્યાઘાત પ્રગટે; અને તમે પોતે જ જો ગુસ્સે થવા લાગો, તો ખાતરી રાખજો કે તમે પણ તેના જેટલા જ દુર્બળ છો.

*

બીજાઓ સાથે અસમાનતાની લાગણીઓ, રાગ અને દ્વેષ, માનવપ્રાણની પ્રકૃતિમાં જડાયેલાં હોય છે. આ એટલા માટે હોય છે કે કેટલીક વ્યક્તિઓ પોતાના પ્રાણમય સ્વભાવ સાથે સંવાદમાં હોય છે જ્યારે બીજા હોતા નથી, તે ઉપરાંત જે એક પ્રાણમય સાથે સંવાદમાં હોય છે તે જ્યારે વસ્તુઓ તેની પસંદગીઓ પ્રમાણે બનતી નથી અથવા માણસો તેની ઇચ્છા અનુસાર કાર્ય કરતા નથી અથવા તેના વિચાર પ્રમાણે તેમણે શું કરવું જોઈએ તે પ્રમાણે બનતું નથી, ત્યારે તે ઘવાય છે અને નાખુશ થાય છે.

*

બીજાઓ જે વિચારે છે, જે કહે છે, તથા જે કરે છે એનાથી વ્યથિત થવું એ હંમેશાં નબળાઈની નિશાની છે અને એ પુરવાર કરે છે કે સમગ્ર સ્વરૂપ પૂરેપૂરી રીતે ઈશ્વરાભિમુખ થયું નથી; સમગ્ર સ્વરૂપ માત્ર ઈશ્વરની જ અસર હેઠળ નથી એની એ સાબિતી છે....

અહંકાર કદાપિ એ સમજી શકતો નથી કે જુદા જુદા લોકોમાં કાર્ય કરવાની ઈશ્વરની પદ્ધતિ અલગ અલગ છે, અને એટલે જ પોતાના અહંકારયુક્ત દૃષ્ટિબિંદુથી વસ્તુઓ વિશે નિર્ણય બાંધી લેવો એ મોટી ભૂલ છે. અને એને લઈને જ ગૂંચવાડો વધતો હોય છે. આપણે મનોવિકાર તથા

અસહિષ્ણુતાપૂર્વક જે કંઈ કરીએ એ દિવ્ય હોઈ શકે નહિ, કારણ કે ઈશ્વર માત્ર શાન્તિ અને સંવાદિતામાં જ કાર્ય કરે છે. (Letters on Yoga)

*

આખો વખત ભગવાનની પ્રત્યક્ષ હાજરીમાં રહેતાં શીખો. પ્રભુની એ પ્રત્યક્ષ હાજરી જ તમને હલાવીચલાવી રહી છે તથા તમે કરો છો તે સઘળું તમારી અંદર તે જ કરી રહી છે એવું સતત અનુભવી તેમાં જીવન ધારણ કરો. તમારી સર્વ ક્રિયાઓ તેને સમર્પણ કરો. તમારી કેવળ માનસિક ક્રિયાઓ જ નહિ - પ્રત્યેક વિચાર, પ્રત્યેક ભાવ માત્ર જ નહિ, પરંતુ તદ્દન સામાન્ય અને બહિર્મુખ ગણાતી ક્રિયાઓ, જેવી કે ખાવાપીવાની પણ તેને જ સમર્પણ કરો. જ્યારે ખાઓ ત્યારે પણ ભગવાન તમારા દ્વારા ભાગ લે છે એવો ભાવ અનુભવો. જ્યારે તમારી સઘળી ક્રિયાઓ, એટલે કે પ્રવૃત્તિઓ, આ એક અખંડ જીવનપ્રવાહમાં એકત્ર કરી શકશો ત્યારે તમારામાં અત્યારે જે ભેદ છે, બેવડું જીવન છે, તેને ઠેકાણે અભેદ યાને એકતા સ્થાપન થશે. ત્યાર પછીથી તમારા જીવનનો એક ભાગ ભગવાનને અર્પણ થયેલો અને બીજા બધા ભાગો સામાન્ય જીવનના હેતુઓને વરેલા તથા સામાન્ય વસ્તુઓમાં ગૂંચવાયેલા, એવી દ્વિધાવિભક્ત સ્થિતિ ટકી નહિ રહે. તમારું સમગ્ર જીવન યોગસાધનામાં ભાગ લેવા માંડે છે, અને તમારી અંદર પ્રકૃતિનું સમગ્ર રૂપાંતર ક્રમે ક્રમે થવા માંડે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૫-૨૬)

*

સદ્‌ભાવના વાળા પ્રત્યેક માનવમાં સત્ય માટેનો પ્રયત્ન હોવો જ જોઈએ.

(CWM 14 : 190)

*

પણ માણસ પોતાની જાતને ખરેખર બે રીતે છેતરી શકે છે, અને તે બહુ જ જુદી જુદી રીતે. દાખલા તરીકે, તમે જ્યારે લોકોને ખરાબ વર્તન કરતા જુઓ છો, સ્વાર્થી બનતા, બેવફા બનતા જુઓ છો, દ્રોહ કરતા જુઓ છો, ત્યારે તમારે પોતાને કશું અંગત કારણ નથી હોતું તો પણ તમારા હૃદયમાં રહેલી ભલાઈને કારણે પ્રભુની સેવા કરવાની તમને આતુરતા હોય છે તેથી તમને અમુક વસ્તુઓ તરફથી ખૂબજ આઘાત લાગી શકે છે. હા, તમારા વિકાસમાં એક એવી સ્થિતિ આવે છે ખરી કે જ્યારે તમે પોતે આ બધી વસ્તુઓ ઉપર કાબૂ મેળવી લીધો હોય છે અને એમને તમે તમારામાં પ્રગટ થવા દેતા નથી. આમ છતાં તમે જો સામાન્ય ચેતના સાથે, સામાન્ય વિચારસરણી સાથે, સામાન્ય જીવન સાથે સંબંધમાં રહેતા હશો, સામાન્ય રીતનું દૃષ્ટિબિંદુ ધરાવતા હશો તો તેટલા પ્રમાણમાં આ બધી ખરાબ વસ્તુઓ તમારામાં ટકી રહી શકે છે. તમે જે સારા ગુણો મેળવવા પ્રયત્ન કરતા હો છો તેનાથી આ ઊલટી વસ્તુઓ હોય છે અને તેથી એ બધી ગુપ્ત રીતે તમારામાં રહેતી જ હોય છે. આ બંનેનું એક જોડકું છે. તમે જ્યારે આ બંનેથી ઉપરની ભૂમિકામાં ચાલ્યા જાઓ અને તમારામાં સદ્‌ગુણ કે દુર્ગુણ બેમાંનું એક પણ તત્ત્વ નહિ રહેવા પામે ત્યારે આ દ્વંદ્વમાંથી તમે મુક્ત બની શકો છો. તમારામાં જ્યાં લગી સદ્‌ગુણ રહે છે ત્યાં લગી એનાથી ઊલટી વસ્તુ પણ તમારામાં હંમેશાં ગુપ્ત રીતે રહી જાય છે. તમે સદ્‌ગુણ અને દુર્ગુણ એ બંનેથી પર થઈ જાઓ ત્યારે જ દુર્ગુણ ચાલ્યો જાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૮૭-૮૮)

દયાળુ મન *Kind Mind*

The Mind prepares itself for conversion

વસ્તુઓ જ્યારે ખરાબ થઈ રહી હોય ત્યારે જ સદ્‌ભાવ તથા સાચા સહકારનું વલણ દર્શાવવાની શ્રેષ્ઠ તક રહેલી હોય છે. (CWM 8 : 205)

*

સાધકે એકદમ સજાગ અને સ્વ-નિયંત્રિત, ખૂબ જ ધીરજવાન રહેવું જ જોઈએ. અને એની અંદર કદાપિ નિષ્ફળ ન જતી સદ્‌ભાવના હોવી જોઈએ. થોડી વિનમ્રતા, પૂરતી માત્રામાં કેળવવાની કાળજી પણ સાધકે રાખવી જોઈએ... અને સાધકે કદાપિ પોતાની સત્યનિષ્ઠાથી સંતુષ્ટ બની રહેવું જોઈએ નહિ. સાધકે હંમેશાં વધુની માગણી કરતા રહેવું જોઈએ. (CWM 6 : 440)

*

સદ્‌ભાવ અને માનવસંબંધો

તેમ છતાં પણ જો બાળકે પોતાના જીવનની શરૂઆત થોડી સભાનતા સાથે અને ખૂબ ખૂબ સારી ભાવનાઓ સાથે કરી હોય છે તો જ્યારે તેમને આવા અનિચ્છનીય સહપાઠીઓનો સંપર્ક થાય છે, ત્યારે તેઓ એમને પારખી શકે છે. અને જો એ બાળકમાં પૂરતા પ્રમાણમાં શુભ સંકલ્પ હોય છે તો તરત જ એ એવાં બાળકોને મળવાનું અથવા તો એમની સાથે સંબંધ રાખવાનું ટાળે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૫૪૬)

*

પ્રાણમય પ્રકૃતિનો ભાવનાત્મક અંશ લોકો સાથે ઝગડતો હોય છે અને એમની સાથે બોલવાનો ઇનકાર કરતો હોય છે અને એ જ ભાગ એ મનોસ્થિતિ સામેની પ્રતિક્રિયાના ભાગ રૂપે લોકો સાથે બોલવા માગતો હોય છે અને સંબંધનું સુખ માણવા માગતો હોય છે. જ્યાં સુધી આ બેમાંથી એક પણ ક્રિયા હાજર હોય છે ત્યાં સુધી બીજી ક્રિયા પણ શકય હોય છે. તમે જ્યારે આ લાગણીશીલતાથી મુક્ત થઈ જઈ તમારી શુદ્ધ થયેલી લાગણીઓને ઈશ્વર પ્રતિ અભિમુખ કરો ત્યારે જ લાગણીશીલતાની આ વધઘટ અદૃશ્ય થતી હોય છે અને એને સ્થાને સર્વ પ્રત્યેની સ્વસ્થ સદ્‌ભાવનાનો ભાવ સ્થાપિત થતો હોય છે.

*

વારુ, મેં પહેલાં જ કહેલું છે કે ઝઘડાઓ તથા એકબીજાની નિંદા કરવી એ સાધનાનો ભાગ નથી; જે ઝઘડાઓ અને સંઘર્ષોની તમે વાત કરો છો તે બાહ્ય જગતમાં જે પ્રમાણે પ્રાણમય અહંકારના ઘર્ષણો હોય છે તે પ્રમાણેના જ હોય છે. દુશ્મનાવટો, તિરસ્કારો, દ્વેષો, ઝઘડાઓ વગેરેને જે રીતે કામવાસનાના આવેગો અથવા ક્રીડાને સાધનાના ભાગો તરીકે ગણી ન શકાય, — તે પ્રમાણે જ સાધનાના ભાગો તરીકે ગણી ન શકાય. સંવાદ, શુભેચ્છા, ધીરજ સમતા વગેરે એક સાધક સાથે બીજા સાધકના સંબંધ વચ્ચેના જરૂરી આદર્શો છે. કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે સંબંધ બાંધવા બંધાયેલી નથી પરંતુ જો તે પોતે એકલી રહે તો તે સાધનાના હેતુ માટે હોઈ શકે, નહિ કે બીજા હેતુઓ માટે : ઉપરાંત તેમાં કોઈ દીર્ઘગ્રંથી કે બીજાઓ માટે તિરસ્કાર ન હોવાં જોઈએ.... જો કોઈ વ્યક્તિને એમ લાગે કે બીજાની સાથે સંબંધ રાખવાથી કોઈ પણ કારણસર અનિચ્છનીય પ્રાણમય લાગણીઓ તે પુરુષ અથવા સ્ત્રીમાં ઉત્પન્ન થાય છે તો તે પુરુષ અથવા સ્ત્રી તેવા સંબંધોમાંથી ડહાપણભરી રીતે પાછી હઠી જાય છે. જ્યાં સુધી તે આ નબળાઈ ઉપર વિજય પ્રાપ્ત ન કરે ત્યાં સુધી આ પ્રમાણે કરી શકે છે. પરંતુ બીજાને દૂર રાખવાનો આડંબર અથવા જાહેરમાં નિંદા કરવી એ જરૂરી નથી અને એવી લાગણીઓ ઉપર પણ એટલી જ રીતે વિજય પ્રાપ્ત કરવો જરૂરી છે.

શ્રી અરવિન્દ

(યોગ વિશે પત્રો - ભાગ-૨ પૃષ્ઠ ૩૩૭ અને પૃષ્ઠ ૩૩૯,૩૪૦)

અમુક લોકોનો પ્રાણ હંમેશા વિસંવાદ, ક્ષુદ્ર ઝગડાઓ તેમ જ ગૂંચવાડાને આમંત્રણ આપતો રહેતો હોય છે; એવા લોકોમાં સામાન્યતઃ કોઈ એમની પાછળ પડી ગયું છે એવી ઘેલછા ઘર કરી ગઈ હોય છે અને તેઓ એમ માનતા હોય છે કે બધા જ તેમની વિરુદ્ધ છે. એ પ્રકારની માન્યતામાંથી મુક્ત થવું એ ખૂબ કઠિન છે અને એને માટે પ્રકૃતિનું ઘરમૂળથી રૂપાંતર થવું જરૂરી છે.

*

પ્રત્યેક વ્યક્તિની આસપાસ એવાં આંદોલનોનું વાતાવરણ સર્જાયેલું હોય છે જે આંદોલનો એ વ્યક્તિના ચરિત્ર, એની મનોસ્થિતિ, એની વિચાર કરવાની રીત, લાગણી અનુભવવાની તેમ જ કાર્ય કરવાની રીતમાંથી આવતાં હોય છે. આ બધાં વાતાવરણો એકબીજા ઉપર ક્રિયાપ્રતિક્રિયા સંસર્ગ દ્વારા કરતાં હોય છે. આંદોલનો ચેપી હોય છે. એટલે કોઈ વ્યક્તિને આપણે મળીએ ત્યારે એ વ્યક્તિનાં આંદોલનોને આપણે પકડી લેતાં હોઈએ છીએ. ખાસ કરીને એ આંદોલન જો શક્તિશાળી હોય તો. એટલે એ સમજ કેળવવી સહેલ છે કે કોઈ વ્યક્તિ પોતાની અંદર અને પોતાની આસપાસ શાન્તિ, સદ્‌ભાવનાં આંદોલનો ધારણ કરતી હોય તો અન્ય લોકો ઉપર એક રીતે તે પોતાની શાન્તિ અને સદ્‌ભાવનાં આંદોલનો જ લાદશે. અને એ જ રીતે તિરસ્કાર, ચીડિયાપણું અને ગુસ્સાનાં આંદોલનો ધરાવતી વ્યક્તિ અન્ય લોકોમાં એ પ્રકારનાં આંદોલનો જગાડશે.

(CWM 16 : 32) **શ્રી માતાજી**

*

શ્રી માતાજી ઇચ્છે છે કે જે લોકો મુલાકાતીઓને આવકારે છે તેઓ તેમના તરફ કાયમ વિવેકી અને નમ્ર વર્તન રાખવા માટે જવાબદાર છે. ઉચ્ચ વર્ગના અને નીચેના વર્ગના, યુવાન અને વૃદ્ધ, સારાં વસ્ત્રો પહેલાં કે ખરાબ કપડાંવાળા, બધાંને ઉદારતાથી અને સારા વર્તનથી આવકારવા જોઈએ. વધારે સારો પોશાક પહેરેલા માણસો આશ્રમમાં વધારે સારો આવકાર પામે એ જરૂરી નથી. સાધારણ માણસ ભીખારી જેવા લાગે તેના કરતાં મોટરકારવાળા માનવીની વધારે સંભાળ લઈએ એવું ન બનવું જોઈએ. તેઓ આપણા જેવા જ માણસો છે અને આપણને એવું વિચારવાનો હક નથી કે આપણે સીડીની ટોચ ઉપર છીએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૩૫)

*

જો લોકોમાં સદ્‌ભાવના ન હોય, તેઓ પોતે ખોટા છે એવું સારી રીતે જાણતા હોવા છતાં તેઓને કંઈ અસર થતી ન હોય, પોતે સાવ ખોટા હોવા છતાં તેઓ પોતાના જ હિતસંબંધનો આગ્રહ જ રાખતા હોય એવા કેસમાં કશું જ થઈ શકે નહિ — એવા લોકોને એમના ઝગડામાં અને પરસ્પર વિનાશમાં તમે છોડી દઈ શકો. પણ એનાથી ઊલટું, જો પારસ્પરિક સદ્‌ભાવ લોકો વચ્ચે હોય તો હંમેશાં સારું નિરાકરણ આવી મળતું હોય છે. (CWM 17 : 37)

*

બાળક : પરંતુ જો વ્યક્તિની શુભેચ્છા કરતાં અશુભના સંકલ્પની શક્તિ વધુ બળવાન હોય તો?

શ્રી માતાજી : હા, એ સાચું છે, એમ પણ બની શકે છે. માટે જ, આપણે મૂળભૂત રીતે પાછા એની એ જ વસ્તુ ઉપર આવી જઈએ છીએ : વ્યક્તિએ પોતાનાથી બને તે બધું જ, શક્ય તેટલી સારી રીતે કરવું; અને એ વસ્તુ પ્રભુપ્રીત્યર્થે કરતાં હોઈએ એવા ભાવપૂર્વક કરવું, અને જો એક વાર આ વસ્તુ સ્થપાઈ જાય અને ગોઠવાઈ જાય, તો પછી, જો આપણા સ્વરૂપમાં અભીપ્સા હોય છે, જો આપણું ચૈતન્ય પ્રકાશવંત સ્વરૂપવાળું હોય છે, તો પછી એ સર્વ પ્રકારની બૂરી અસરોનો સામનો કરી શકે છે. પરંતુ આપણે આ જગતમાં એક વાર પગ મૂકયો પછી આપણે તદ્દન શુદ્ધ અને બૂરી અસરોથી અસ્પૃષ્ટ રહી શકીએ તેવી બહુ આશા રાખી શકીએ તેમ નથી હોતું. જ્યારે પણ આપણે ખાઈએ છીએ ત્યારે આપણે એ અસરોને ગ્રહણ કરીએ છીએ; આપણા શ્વાસ સાથે પણ એ અસરોને ગ્રહણ કરીએ છીએ. ત્યારે પછી, તત્ત્વતઃ આપણે ધીરે ધીરે કરીને આપણા સ્વરૂપની, આપણાથી શક્ય તેટલી સારી રીતે સફાઈ કરવાનું બાકી રહે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૫૪૬-૫૪૭)

*

અમારો અભિપ્રાય એવો છે કે યોગમાં સામાન્ય રીતે પ્રકૃતિની સમગ્ર જ્વાળા પરમાત્મા પ્રત્યે વળવી જોઈએ અને બાકીની બધી વસ્તુઓએ સાચા પાયા માટે રાહ જોવી જોઈએ. સામાન્ય ચેતનાની રેતી અને કાદવ ઉપર ઉચ્ચતર વસ્તુઓની રચના કરવી એ સહિસલામત નથી. તેનો અર્થ અવશ્ય એવો નથી કે મિત્રાચારી અથવા સાથીદારીને બાતલ કરવી.

(યોગવિશે પત્રો - ભાગ ૨ - પૃ. ૩૩૩) **શ્રી અરવિન્દ**

*

સદ્‌ભાવ અને બિરાદરીનું જીવન

સારા કાર્ય માટે સહયોગ અને પરસ્પર સદ્‌ભાવના અનિવાર્ય છે.
(CWM 14 : 312)

*

હું બે શરતો મૂકીશ. પ્રગતિ કરવાનો સંકલ્પ કરવો — એ ખરેખર નમ્ર શરત છે. પ્રગતિ કરવાની ઇચ્છા કરવી એટલે એમ જણાવવું કે હજુ ઘણું કરવાનું છે. હજુ દરેક વસ્તુ ઉપર વિજય મેળવવાનો છે. બીજી શરત : દરરોજ કાંઈક કરવું, કોઈ પ્રવૃત્તિ કે કોઈ કાર્ય — પોતાના માટે નહિ; તે ઉપરાંત કોઈ એવી વસ્તુ કરવી જે બધા માટે શુભનિષ્ઠા વ્યક્ત કરે — તમે એક સમૂહ છો, નથી? — ફક્ત એટલું જ બતાવવું કે તમે તમારા પોતાના માટે કાંઈ કરતા નથી, તમે પોતે વિશ્વનાં કેન્દ્ર હો અને આખું વિશ્વ તમારી આસપાસ ફરે એવું નહિ, મોટાભાગના લોકો તે પ્રમાણેના હોય છે અને તેમને તેવી ખબર પણ હોતી નથી. દરેકે સાહજિક રીતે જ સમજવું જોઈએ કે પોતાની જાતને વિશ્વના કેન્દ્રમાં મૂકી બધી વસ્તુ તેમના તરફ આવે એવી ઇચ્છા કરવી, એક અથવા બીજી રીતે તે બરાબર નથી. પરંતુ માણસે સમગ્રના અસ્તિત્વને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ અને તે પૂરતું છે. આ વસ્તુ માણસને પોતાની ચેતના વિશાળ કરવા માટે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૬૮)

*

પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી હું એટલું જાણું છું કે શુભનિષ્ઠા વડે એક સંવાદમય અને સાચા ઉકેલમાં પહોંચી શકાય છે. ઓરોવિલના કાર્યકરો પાસે હું આ વસ્તુની અપેક્ષા રાખું છું. એવું નહિ કે કેટલાકે બીજાઓને તાબે થવું, પરંતુ તેનાથી ઊલટું બધાએ તેમના પ્રયત્નો એકત્રિત કરીને એક વધારે પરિજ્ઞાનક અને પૂર્ણ પરિણામ પ્રાપ્ત કરવું.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૭૪)

*

આશ્રમના અંતેવાસીઓ પોતે પચાવી શકે એનાથી વધુ ખોરાક કદાપિ ના ખાય અને પોતે ખાઈ શકે એનાથી વધુ ખોરાકની માગણી ના કરીને પોતાનો સદભાવ અને સહકાર દર્શાવતા રહે એવી અપેક્ષા છે. (CWM 17 : 267)

*

એ કહેવાની જરૂર નથી કે આવી આદર્શ જગામાં રહેવા, પ્રવેશ મેળવવા માટે ખાસ વિશિષ્ટ શરતો પૂરી કરવાની છે. તેમાં સારું ચારિત્ર્ય, સારું વર્તન, પ્રમાણિક, નિયમિત અને ચોકસાઈપૂર્વકનું કાર્ય અને સર્વ સામાન્ય શુભ ભાવના રહેશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૪૩-૧૪૪)

*

પ્રાણમય સદ્‌ભાવ માટેનો પ્રયત્ન : *Attempt at Vital Goodwill*

પ્રયત્ન છે નાનું પગલું, પરંતુ એ ભવિષ્યની ખાતરી બની શકે છે.

*

વ્યક્તિએ પોતાના હૃદયમાં સદ્‌ભાવ અને પ્રેમની લાગણી રાખવી જોઈએ અને એ લાગણી શાન્તિ અને સમતા સહિત સર્વ ઉપર વહેતી રહેવી જોઈએ.

(CWM 14 : 186)

જેઓને ઓરોવિલમાં રહેવું છે અને કાર્ય કરવાની ઇચ્છા છે તે બધાંને એક સંપૂર્ણ શુભેચ્છા, એક સત્ય જાણવાની સતત અભીપ્સા અને તેને આજ્ઞાધીન બનવું, કાર્યની જરૂરિયાતને પહોંચી વળવા માટેની પૂરતી નમનીયતા અને પ્રગતિ માટે અનંત સંકલ્પશક્તિ હોવાં જ જોઈએ જેથી કરીને અંતિમ સત્ય માટે તેઓ આગળ ધપી શકે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૬૦)

*

પ્રત્યેક પ્રવૃત્તિમાં, પછી ભલેને તે બુદ્ધિની હોય કે ક્રિયાત્મક હોય તો પણ તમારું તો 'સ્મરણ કર અને સમર્પણ કર', એ જ સૂત્ર હોવું જોઈએ. તમે જે કાંઈ કરતા હો તે ભગવાનને આહુતિ તરીકે અર્પણ કરો. એ ક્રિયા તમારે માટે ઘણી સરસ નિયમનરૂપ પણ નીવડશે. કારણ કે ઘણાં મૂર્ખાઈભરેલાં અને નકામાં કાર્યો કરતાં તે તમને અટકાવશે. (CWM 13 : 28)

*

દરેક માણસની પાસે તેનો પોતાનો ઉકેલ હોય છે અને તે જ મુશ્કેલ વસ્તુ છે. સત્યમાં રહેવા માટે દરેક પોતાનો ઉકેલ તૈયાર રાખે છે. અને તેમ છતાં આ બધા ઉકેલો એકસાથે કાર્ય કરી શકે તેવો રસ્તો આપણે શોધવો જોઈએ.

(મૌન)

એટલે કે માળખું વિશાળ, ખૂબ નમનીય હોવું જોઈએ અને દરેકે ખૂબ શુભેચ્છા રાખવી જોઈએ; એ પ્રથમ શરત છે — શુભનિષ્ઠા. દરેક ક્ષણે ઉત્તમ વસ્તુ કરવા માટે પૂરતા નમનીય બનવું જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૬૪)

*

સદ્‌ભાવ અને માનવજાતિ

એક વ્યક્તિ પોતાની આધ્યાત્મિક શક્તિથી જે સિદ્ધ કરી શકે તે એક ગ્રૂપ સદ્‌ભાવનાના વિચાર સહિત એક થાય તો સિદ્ધ કરી શકે.

કેલ્ડિયન દીક્ષા :

તમે બાર લોકો સચ્ચાઈપૂર્વક ભેગા થયા હો ત્યારે તમે અવર્ણનીયનો આવિર્ભાવ કરી શકો.
(CWM 2 : 114)

*

માનવજાતિની શાશ્વત એકતાનો આધાર માણસની સદ્‌ભાવના તેમ જ એકનિષ્ઠા ઉપર આધાર રાખે છે. (CWM 15 : 66)

*

સર્વને માટે સદ્‌ભાવ અને સર્વ પાસેથી સદ્‌ભાવ એ છે શાન્તિ અને સંવાદિતાના આધારો.
(CWM 13 : 243)

*

બાળક : શુભેચ્છાના આંદોલન વડે આપણે જગતને મદદ કરી શકીએ ખરા?

શ્રી માતાજી : શુભેચ્છા ધારણ કરીને તો આપણે ઘણી વસ્તુઓનું પરિવર્તન કરી શકીએ, કેવળ એ એક અત્યંત નિર્મળ અને નિર્ભેળ શુભેચ્છા હોવી જોઈએ. એતો ખુલ્લું છે કે કોઈ પૂર્ણ રીતના નિર્મળ વિચાર અને સાચી પ્રાર્થનાને જગતમાં વહેતા મૂકવામાં આવે છે તો એ એમનું કાર્ય સિદ્ધ કરે છે. પરંતુ જ્યારે મનુષ્યના મગજમાંથી પસાર થાય છે ત્યારે આ વિચારમાં સત્ય અને નિર્મળતા કયાં રહે છે? એમાં અધઃપાત થાય છે. જો તમારી આંતર ચેતના અને જ્ઞાનના પ્રયત્ન વડે, તમે તમારી અંદર રહેલી કામના ઉપર સાચા અર્થમાં વિજય પ્રાપ્ત કરો, એટલે કે એને ઓગાળી નાખો, નષ્ટ કરી દો, અને જો તમારી આંતરિક શુભેચ્છા, ચેતના, પ્રકાશ, અને જ્ઞાનનો ઉપયોગ કરીને, તમે જો એ કામનાને ઓગાળી નાખો, તો સૌ પ્રથમ તો, તમે વ્યક્તિગત રીતે એટલા બધા સુખી થશો કે જાણે એ કામનાના વિષયનો ઉપભોગ કર્યો હોય અને જેટલું સુખ પ્રાપ્ત કરો તેના કરતાં સો ઘણા સુખી થશો. અને એની એક અદ્‌ભુત અસર થશે. એના આ જગતમાં એવા પડઘા પડશે કે જેનો તમને ખ્યાલ પણ નહિ હોય. એ ચારે તરફ ફેલાઈ જશે. કારણ કે જે આંદોલનો તમે ઉત્પન્ન કર્યાં હશે તેનો પ્રસાર થવાની ક્રિયા ચાલુ રહેશે. આવી વસ્તુઓ ઠંડા પ્રદેશોમાં જેમ બરફના ગોળાઓ વૃદ્ધિ પામતા હોય છે તેમ વધુ વિસ્તારવાળી થતી જાય છે. જે નાનકડો સરખો વિજય પણ તમે તમારી જાતના ઘડતરની બાબતમાં પ્રાપ્ત કર્યો હોય છે તે આખા જગતમાં પણ પ્રાપ્ત કરવો શક્ય બનશે. અને હમણાં હું જે કહેતી હતી તે આજ વાત હતી : આંતર પ્રકૃતિમાં ફેરફાર કર્યા સિવાય, જે કોઈ વસ્તુઓ કેવળ બાહ્ય રીતે કરવામાં આવે છે – ઈસ્પિતાલો, શાળાઓ, વગેરે – એ બધું કેવળ મિથ્યાભિમાનમાંથી કરવામાં આવે છે,

પોતે કોઈ મહાન વ્યક્તિ છે એવી લાગણી અનુભવવાને માટે કરવામાં આવે છે. જ્યારે સ્વરૂપમાં અહીં જે અગાઉ જણાવી તેવી અજાણ અને નાનકડી વસ્તુઓ ઉપર, વ્યક્તિ જે વિજય પ્રાપ્ત કરે છે તેનાં ઘણાં મહાન પરિણામો આવે છે, પરંતુ તેમની અસર બહાર જણાતી નથી. તમારી અંદરની જે કોઈ ક્રિયા જૂઠી અને સત્યની વિરોધી હશે તે દિવ્ય જીવનનો ઇનકાર કર્યા બરાબર હશે. તમે જે કાંઈ નાનકડા પ્રયત્નો કરો છો તેનાં પરિણામો સારા પ્રમાણમાં આવતાં હોય છે. જો કે તમને તો એના વિશે જાણ હોવાનો સંતોષ પણ પ્રાપ્ત થયો નથી હોતો, તેમ છતાં એ વસ્તુઓ સાચી હોય છે અને એમની અસર કોઈ એક વ્યક્તિને જ અનુલક્ષીને નહિ પણ સર્વ સામાન્ય રીતની થાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૧૦૬-૧૦૭)

*

તમારામાં જે અંગત અને સામૂહિક ખામીઓ છે તે બધીને તમે જાણો છો. સદ્ભાવ હોવા છતાં, જ્યારે માણસ સામાન્ય ખ્યાલોમાંથી બહાર નીકળીને જે જગતનો ખ્યાલ કરે છે તેવું તેને બતાવવા માટે હજી ઘણું ઘણું કરવાનું બાકી છે — એ વાત સ્પષ્ટ છે; હજી જગતમાં સંવાદિતા, શાન્તિ, સમજ, મનની વિશાલતા, સદ્ભાવ, નિઃસ્વાર્થતા, ઉચ્ચતર આદર્શ માટે નિઃસ્વાર્થ સમર્પણ, આત્મ-વિસ્મૃતિ સ્થપાય તે માટે આ વસ્તુઓની વધુ જરૂર છે. પ્રથમ તમારે માત્ર નાની વસ્તુથી શરૂઆત કરવી જોઈએ, તમારામાં જ થોડાક વધારે મહાન વિચારો હોવા જોઈએ, તમે સાંપ્રદાયિક ન બની જાઓ તેટલી જરાક વધારે સમજ હોવી જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૧૯૦)

*

હાલ સર્વ માટે પ્રેમભાવ હોવો એ જરૂરી નથી. તમારી અંદર સામાન્ય સદ્ભાવનો ભાવ હોય તો તે પૂરતું છે. (CWSA 31 : 291)

*

જ્યાં સુધી અતિમાનવ વ્યક્તિગત રીતે આવી માનવને એની સાચી પ્રકૃતિ શું છે તે દર્શાવે ત્યાં સુધી શુભભાવના ધરાવતી પ્રત્યેક વ્યક્તિ માટે એ જેને સૌથી સુંદર, સૌથી ઉમદા, સાચામાં સાચું અને શુદ્ધમાં શુદ્ધ, એકદમ પ્રકાશમાન અને શ્રેષ્ઠ સમજે છે તેના વિશે સભાન બનવું અને અભીપ્સા સેવવી કે તેની આ જે સમજ છે તે પ્રથમ તેની અંદર — વિશ્વના અને માનવના મહત્તમ ભલા માટે — સિદ્ધ થાય. આ છે પ્રજ્ઞા.

(The Mother; Bulletin, November; 1954)

*

સદ્‌ભાવ અને શિક્ષણ

સાચી રીતે જિંદગી જીવવી એ ઘણી કઠિન કલા છે અને જો માણસ સાવ નાનો હોય ત્યારથી જ શીખવાની શરૂઆત ન કરે, પ્રયત્ન ન કરે તો તેને તે સારી રીતે જાણી શકે નહીં. ફક્ત પોતાના શરીરને તંદુરસ્ત રાખવાની કળા, પોતાનું મન શાંત રાખવું અને હૃદયમાં શુદ્ધ ભાવ — એ વસ્તુઓ, જે સરસ રીતે જીવવા માટે અનિવાર્ય છે — હું સુખસગવડમાં કેમ રહેવું એવું નથી કહેતી, અદ્‌ભુત રીતે પણ નહીં, હું ફક્ત શિષ્ટ રીતે કેમ જીવવું તે કહું છું. સારું, મને લાગતું નથી કે એવા ઘણા હોય જે પોતાનાં બાળકોને આ વસ્તુ શીખવવાની દરકાર કરતા હોય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૪૮)

*

માનવજાતિ આમ જ્યારે એક સામુદાયિક તંત્રમાં અને સંગઠનમાં ભેગી થશે, પરસ્પરની શુભેચ્છા ઉપર રચાયેલા સહકારની અંદર જોડાશે ત્યારે જ, તે તેની અત્યારની દુઃખદ અંધાધૂંધીની દુર્દશામાંથી બહાર નીકળી શકશે. યુનિવર્સિટી કેન્દ્રની અંદર માનવજીવનના સર્વ પ્રશ્નોનો અભ્યાસ આ રીતની દૃષ્ટિથી અને આ રીતની ભાવનાથી કરવામાં આવશે અને શ્રી અરવિન્દે પોતાનાં લખાણોમાં જે અતિમાનસ જ્ઞાનનો પ્રકાશ આપેલો છે તે મુજબ આ પ્રશ્નોનું નિરાકરણ આપવામાં આવશે. (બુલેટિન, એપ્રિલ ૧૯૫૨)

*

પરંતુ હવે આ પ્રયત્ન દરેક વ્યક્તિના અસ્તિત્વનો પાયો બનવો જોઈએ અને જેઓ જવાબદારીવાળા સ્થાન ઉપર છે અને જેમને બીજાઓની સંભાળ રાખવાની છે તેમના માટે તો ખાસ બનવો જોઈએ. નેતાઓએ દૃષ્ટાંત બેસાડવું જોઈએ. તેમની સંભાળ નીચે જે લોકો છે તેમની પાસે જે ગુણોની તેઓ અપેક્ષા રાખે છે તે ગુણોનો પોતે અમલ કરવો જોઈએ. તેઓ સમજદાર, ધીરજવાળા, સહનશીલ, સહાનુભૂતિપૂર્ણ તથા હૂંફ અને મિત્રાચારીની શુભ ભાવનાથી ભરેલા હોવા જોઈએ. નહિ કે અહંકારથી પોતાના માટે મિત્રો એકઠા કરવાની ભાવનાવાળા. તેમણે ઉદારતાથી અને સમજપૂર્વક બીજાઓને મદદ કરવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૩૨)

*

'હું તમારી પાસે માત્ર આટલું જ ઇચ્છું છું કે યોગ સારી રીતે કરવાનો સંકલ્પ રાખો, પ્રગતિ માટે પ્રયત્ન કરો, સામાન્ય માણસો કરતાં જીવનમાં જરાક વધારે સારા બનવાની ઇચ્છા રાખો. તમે મોટા થયા છો, ખૂબ ખૂબ પ્રકાશમય, સભાન, સંવાદમય સદ્‌ભાવથી પરિપૂર્ણ પરિસ્થિતિઓમાં તમે વિકાસ સાધ્યો છે; આ પરિસ્થિતિઓના પ્રત્યુત્તર રૂપે તમારે જગતમાં આ

પ્રકાશની, આ સંવાદિતાની, આ સદ્ભાવની અભિવ્યક્તિ બનવું જોઈએ. આનું પરિણામ બહુ સરસ આવશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૨૦૫)

*

હરીફાઈ અને સ્પર્ધાની ભાવનાને સ્થાને સહકારનો સદ્ભાવ અને પારસ્પરિક સમજણની ભાવના સ્થાપિત કરો. (CWSA 14 : 186)

*

હંમેશાં દયાળુ બની રહો, કડવી ટીકાઓ કરવાનું બંધ કરી દો, દરેક વસ્તુમાં ખરાબ વર્તન જોવાનું વલણ ના રાખો. ઈશ્વરકૃપાની પરમાર્થી હાજરી સિવાય અન્ય કંઈ ન જોવા માટે તમારી જાતને ફરજ પાડો. અને પછી માત્ર તમારી અંદર નહિ તમારી આસપાસ પણ શાન્ત હર્ષ અને શાન્તિદાયક વિશ્વાસનું વાતાવરણ વધુને વધુ પ્રસારેલું અનુભવશો. અને તમે શાન્તિ અને સુખ અનુભવશો એટલું જ નહિ, પરંતુ તમારી મોટાભાગની શારીરિક વ્યાધિઓ પણ અદૃશ્ય થઈ જશે. (The Mother, The Spiritual Significance of Flowers, Part - I P. 826)

*

સદ્‌ભાવ અને શરીર

હકીકતમાં શારીરિક પુરુષમાં એક સરળતા અને શુભ ભાવના હોય છે (જે કાયમ ઘણી પ્રકાશિત હોતી નથી, તેનાથી ઊલટી પણ), પણ તેમ છતાં એક સરળતા અને શુભ ભાવના છે, પ્રાણના આવેગો અને મનના દંભો કરતાં, તેને ચૈત્ય પુરુષના વધારે ગાઢ સંબંધમાં મૂકી આપે છે. અને કદાચ એટલા માટે જ બાળકોમાં ચૈત્ય પુરુષ વધારે સરળતા અનુભવી શકે છે, કારણ કે બાળકો માનસિક અને પ્રાણિક વિરોધોમાં સતત અથડાઅથડી ઓછી કરતાં હોય છે.

*

તમારામાંની એક પણ વ્યક્તિ એવી નથી જે હિંમતથી મને કહી શકે કે ચૈત્ય પુરુષ હાજર હોય ત્યારે કોઈ ફેરફાર બનતો નથી, જ્યારે પોતાના સ્વરૂપમાં પોતાને વધારે સારું લાગતું હોય, જ્યારે વ્યક્તિ પ્રકાશથી, આશાથી, શુભ ભાવનાથી, ઉદારતાથી, જગત પ્રત્યેની સહાનુભૂતિથી ભરેલી હોય અને જીવને એક કર્મના ક્ષેત્ર તરીકે, પ્રગતિ અને સાક્ષાત્કારના ક્ષેત્ર તરીકે જોતો હોય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૫-૬)

*

તમે એમ કહેવા માગો છો કે તમે પ્રગતિ કરો એટલા માટે હેતુપૂર્વક તમને માંદગી આપવામાં આવે છે? તો એ ખરેખર સાચું નથી. એટલે કે, તમે આ વસ્તુને બીજી રીતે ફેરવીને સમજી શકો છો. તમે એમ કહી શકો છો કે કેટલાક માણસોમાં એવી તો અખંડ અભીપ્સા હોય છે અને એમની શુભેચ્છા એવી તો સંપૂર્ણ હોય છે કે તેમના જીવનમાં જે જે વસ્તુઓ બને છે તે તમામને તેઓ પ્રગતિનું સાધન બનાવી લે છે. હું એવા માણસોને ઓળખું છું જેઓ જ્યારે માંદા પડે છે ત્યારે તેમાં તેમને પ્રભુની કરુણા, તેમની પ્રગતિમાં મદદ કરવા આવી હોવાનો પુરાવો મળ્યો હોય તેમ તેઓ માને છે. એ લોકો કહે છે : 'આ એક સારી નિશાની છે. માંદગીનું મૂળ શું છે તે હું શોધી કાઢીશ અને હું જરૂર પ્રગતિ કરીશ.' હું એવા ઘણા લોકોના પરિચયમાં આવેલી છું અને એ લોકો અદ્‌ભુત રીતે આગળ વધ્યા છે. આથી ઊલટું એવા લોકો પણ હોય છે જેઓ આવી તકનો ઉપયોગ કરવાને બદલે ભોંય ઉપર લાંબાછટ થઈને પડી જાય છે. એ એમનું દુર્ભાગ્ય જ કહેવાય. પરંતુ જ્યારે તમે માંદા પડો ત્યારે તમારું વલણ આ રીતનું હોવું જોઈએ : **'કોઈક ઠેકાણે કોઈક વસ્તુ બરાબર નથી. મારે જાણી લેવું જોઈશે કે એ શું વસ્તુ છે.'** તમારે કદી પણ એમ ન વિચારવું કે પ્રભુએ તમને હેતુપૂર્વક માંદગી મોકલી છે, કારણ કે જો પ્રભુ એવું કરતા હોય તો તો એવા પ્રભુ બહુ દુષ્ટ પ્રભુ કહેવાય. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૭૨)

*

સ્વાભાવિક રીતે આપણી તદ્દન બાહ્ય ભૌતિક ચેતના અને ચૈત્ય ચેતના વચ્ચે કોઈ સાતત્યપૂર્ણ સંપર્ક સ્થાપવો એ ઘણી મુશ્કેલ વાત છે. હા, ભૌતિક ચેતનામાં સારા પ્રમાણમાં શુભેચ્છા હોય

છે; એ ખૂબ નિયમિત હોય છે, એ ઘણો પ્રયત્ન કરે છે, પણ એ ધીમી અને ભારે છે, એને લાંબો વખત લાગે છે, એને ગતિમાન કરવી એ મુશ્કેલ બાબત છે. એને થાક નથી લાગતો, પણ એ પ્રયત્ન જ નથી કરતી; એ એના રસ્તે, શાંતિથી ચાલ્યે જાય છે. એ રીતે તો બાહ્ય ચેતનાને, ચૈત્ય ચેતનાના સંપર્કમાં મૂકતાં સદીઓ લાગે. પરંતુ ગમે તે કારણ ઊભું થાય છે અને પ્રાણ એમાં ભેગો થઈ જાય છે. એક આવેગ એને જકડી લે છે. એને આ સંપર્ક જોઈએ છે (કોઈ પણ કારણે, અને એ કારણ હમેશાં આધ્યાત્મિક જ નથી હોતું), ગમે તેમ પણ એને આ સંપર્કની જરૂર પડે છે. એ એની સમસ્ત શક્તિ, બળ, આવેગ, ઉત્સાહ સાથે એની કામના કરે છે : ત્રણ મહિનામાં કામ થઈ જાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૩૭૭)

*

ઘણાખરા માણસો પશુઓની પેઠે, પ્રકૃતિનાં બળો તેમને ધકેલે તેમ ધકેલાતા રહે છે; માણસો પોતાને જે કંઈ ઇચ્છાઓ થઈ આવે છે તેમને સંતોષતા રહે છે, જે કંઈ ઊર્મિઓ થઈ આવે છે તેમની લીલા ચાલવા દે છે, તેમને જે કંઈ શારીરિક જરૂરિયાતો ઊભી થાય છે તેમને પૂરી પાડવાનો પ્રયત્ન કરતા રહે છે. આમ થતું હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે માણસોની પ્રવૃત્તિઓ અને લાગણીઓ તેમની પ્રકૃતિ દ્વારા સંચાલિત થતી હોય છે અને તે મોટે ભાગે તેમની પ્રાણિક અને શારીરિક પ્રકૃતિ દ્વારા થતી હોય છે. શરીર તે પ્રકૃતિનું સાધક છે, તે તેની પોતાની પ્રકૃતિને વશ વર્તે છે અથવા તો ઇચ્છાઓ, આવેશો વગેરે પ્રાણનાં બળોને વશ વર્તે છે.

પરંતુ માણસને મન પણ છે, અને માણસ જેમ જેમ વિકાસ પામે છે તેમ તેમ તે પોતાની બુદ્ધિ અને ઇચ્છાશક્તિ વડે તેની પ્રાણિક અને શારીરિક પ્રકૃતિને કાબૂમાં રાખતાં શીખે છે. આ કાબૂ અતિ આંશિક હોય છે; કારણ કે બુદ્ધિ પ્રાણની ઇચ્છાઓને લીધે અને શારીરિક અજ્ઞાનને લીધે ઘણી વાર સંભ્રમમાં પડી જતી હોય છે. ત્યારે તે પોતાને તેમના પક્ષમાં મૂકી દેતી હોય છે તથા પોતાના વિચારો, તર્કો કે દલીલો વડે તેમની ભૂલોનું અને અસત્ય હિલચાલોનું સમર્થન કરવા પ્રયત્ન કરે છે. બુદ્ધિ સ્વતંત્ર રહીને પ્રાણને તથા શરીરને કહે છે ''આ કરશો નહિ'', તોપણ પ્રાણ અને શરીર આ પ્રતિબંધની અવગણના કરીને તેમની પોતાની ગતિને અનુસરતાં રહે છે, – માણસની મનોમય સંકલ્પશક્તિ તેમને ફરજ પાડી શકે તેટલી સમર્થ નથી.

(વ્યવહારુ માર્ગદર્શન – ભાગ– ૨ પૃ. ૩૧)

*

શ્રદ્ધા રાખો, સદ્‌ભાવ સેવો અને તમે સુરક્ષિત રહેશો.

(CWM 5 : 176) શ્રી માતાજી

સદ્ભાવ – માર્ગદર્શક સંકલ્પ

સ્વરૂપના જે ભાગમાં સદ્ભાવ હોય છે તે મજબૂત થવો જ જોઈએ, એટલો મજબૂત કે જે ભાગ અનિચ્છુક હોય, હઠીલો હોય તેને નિયંત્રણમાં રાખવાની શક્તિ એને પ્રાપ્ત થાય અને એવા ભાગને પરિવર્તિન પામવાની ફરજ પાડે. (CWM 17 : 84)

*

ખૂબ કાળજીપૂર્વક જેનાથી દૂર રહેવું જોઈએ એવી આ મુશ્કેલી છે. તમારામાં જરા સરખી પણ અસંતોષની કે કંટાળાની નિશાની વર્તાય કે તરત તમારે તમારા પ્રાણને આ પ્રમાણે કહેવું, ‘ભાઈ મારા, જો તારે શાંત રહેવાનું છે, તને કહેવામાં આવે તેમ તારે કરવાનું છે, નહિ તો પછી હું છું ને તું છે.’ અને પેલા બીજા ઉત્સાહી સદ્ગૃહસ્થને કે જે કહે છે કે, ‘સર્વ કંઈ હમણાં જ, તાત્કાલિક થઈ જવું જોઈએ’ તેને તમારે કહેવાનું છે કે, ‘જરા શાંત થાવ, તમારી શક્તિ ઉત્તમ પ્રકારની છે, પણ એ આપણે પાંચ મિનિટમાં વાપરી નાખવાની નથી. આપણને એની લાંબા સમય સુધી જરૂર પડવાની છે અને એટલે જ્યારે જ્યારે તમારી શુભેચ્છાની જરૂર પડશે ત્યારે હું તમારી પાસે માગીશ. તમારે એ બતાવી આપવાનું છે કે તમારામાં સભરપણે શુભભાવના છે, તમારે આજ્ઞાધારક થઈ રહેવાનું છે, તમારે બબડાટ કરવાનો નથી, તમારે સામા પણ થવાનું નથી, બળવો પણ કરવાનો નથી. અને હા એ હા કરતા રહેવાની છે. જ્યારે તમારી પાસેથી કોઈ વસ્તુના ત્યાગની માગણી કરવામાં આવે ત્યારે તમારે એ વસ્તુ બાબતમાં ખરા હૃદયથી હા કહેવાની છે.’ (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૮૫)

*

જો તમે સભાન ન હો, તો તમે તમારી જાતને બીજા કરતાં અધિક ન માની શકો. જે ક્ષણે તમે સાચી રીતે સભાન બનો છો, કે તરત જ તમારા અધિકતાના અને ન્યૂનતાના ખ્યાલો તમે ગુમાવી દો છો, એટલે બંને કીસ્સાઓમાં તમારે તમારી જાતને બીજા કરતાં શ્રેષ્ઠ ન માનવી જોઈએ, કારણ કે તે એક ક્ષુદ્રતા અને અધમતા છે; પણ તમારે સદ્ભાવ અને સહાનુભૂતિ અનુભવવાં જોઈએ, લોકો શું કહે છે અને નથી કહેતા તેની દરકાર ન કરવી જોઈએ, પણ વિનયી બનવું જોઈએ, કારણ કે અવિનયી બનવું તેના કરતાં વિનયી બનવું એ વધારે પસંદ કરવા યોગ્ય છે, કારણ કે તેથી તમે તમારી જાતને વધારે સુસંવાદી બળો સાથે સંપર્કમાં મૂકો છો અને વિનાશનાં તથા કદ્રૂપતાનાં બળો સામે વધારે સારી રીતે લડી શકો છો; તેનું કારણ મુખ્યત્વે આ છે કે, આપણને સંવાદિતા ગમે છે, તેને સાચવી રાખવી એ વધારે સારું છે; પણ તાત્ત્વિક રીતે તમારે આ બધાથી ઊર્ધ્વમાં રહેવું જોઈએ, માત્ર ભગવાન સાથેના તમારા સંબંધમાં, ભગવાન તમારી પાસે જે અપેક્ષા રાખે છે તેમાં, અને તેમને માટે તમે શું કરવા માગો છો તેમાં જ રસ ધરાવવો

જોઈએ, કારણ કે માત્ર તે જ વસ્તુ મહત્ત્વની છે, બીજી બધી વસ્તુઓ મહત્ત્વની નથી.
(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૩૯૩-૩૯૪)

*

જ્યાં જ્યાં સત્યનિષ્ઠા અને સદ્ભાવના હોય છે ત્યાં ઈશ્વરની સહાય પણ હોય જ છે.
(CWM 14 : 86)

*

સાચી મહત્તા, સાચી શ્રેષ્ઠતા સદ્વ્યવહાર અને શુભભાવનામાં રહેલી છે.
(CWM 16 : 21)

*

જે સાધક સંપૂર્ણ વિનમ્રતાપૂર્વક, સદ્ભાવ સહિત સ્વીકારે છે, વિનયપૂર્વક કબૂલ કરે છે કે તેનાથી પર, એના ક્ષુદ્ર અહમના વર્તુળથી પર કંઈક રહેલું છે તે વ્યક્તિ કાર્ય સંપન્ન કરાવી શકે છે. એવું કંઈક, જેની વ્યક્તિ કલ્પના પણ ન કરી શકે, ભાગ્યે જ જાણે કે અનુભવે, જે આપણા પાર્થિવ જીવનના આ અસ્તિત્વના કહેવાતા ચમત્કારોને સિદ્ધ કરે છે.

સાધકે પોતાની જાતને સમર્પિત કરવી પડે. છેવટે તો પ્રભુ જ ઊર્ધ્વના નિયમ મુજબ કાર્ય કરતા હોય છે એ હકીકતનો સ્વીકાર કરવા જેટલી સદ્ભાવના કેળવવી જોઈએ. આ હકીકત પરત્વે સાધક સભાન બની શકે છે અને પ્રભુ પરત્વે એ કૃતજ્ઞતાની લાગણી અભિવ્યક્ત કરી શકે છે. (The Supreme : Conversation with The Mother : by Mona Sarkar)

*

સામાન્ય રીતે એવું બને છે કે બીજા લોકોની કાળી બાજુ આપણને તરત જ દેખાઈ આવે છે. દરેક માણસમાં કંઈક એવી ખામી તો હોય છે જે એને નહિ પણ એના પાડોશીને જણાઈ આવે છે. એટલે તમારે જો કોઈને પણ અન્યાય ન થાય એવી રીતે તેના વિશે વિચાર બાંધવો હોય તો એનામાં જે ઉત્તમ વસ્તુ હોય તેના ઉપર જ નજર નાખવી જોઈએ. એક કહેવત છે : 'તમારા મિત્રને જો એક આંખ હોય તો એનો ચહેરો તમારે બાજુ પરથી જ જોવો.' (CWM 17 : 228)

વલણોની શૃંખલા

(કોઈ વિચાર કે આદર્શ એક પરિમાણીય હોતો નથી. સદ્ભાવનું વલણ કેળવવાથી આપોઆપ અન્ય ગુણો આપણી અંદર વિકાસ પામતા હોય છે. પ્રત્યેક ગુણ બીજા ગુણ માટે આધારરૂપ અને સહાયક બને છે, કારણ પ્રત્યેક ગુણ અભિવ્યકિતની સ્વાભાવિક પૂર્ણતામાં ખીલતો હોય છે.)

*

પ્રથમ વસ્તુ જે આવે છે તે આ છે.... દા.ત. જો કોઈને એક વિશિષ્ટ પ્રકારની અનુભૂતિ થાય — જેમ કે કોઈને શાંતિની અનુભૂતિ થાય, સ્થિરતાની અનુભૂતિ થાય, કોઈને પૂર્ણ ઉદારતાની પણ અનુભૂતિ થાય તેવી જ રીતે સહાનુભૂતિની અને સમજશક્તિની પણ અનુભૂતિ થાય, અને ચેતના આવી કોઈ ગતિઓથી જાણે કે ભરાઈ ગઈ હોય તેવી અનુભૂતિ થાય છે; એટલે આવી વસ્તુ બને છે, જે પાછળથી વિચિત્ર લાગે, પરંતુ તે ક્ષણ માટે પૂરેપૂરી સ્વાભાવિક હોય — વ્યક્તિને દરેક જગ્યાએ, દરેક માણસમાં, સારાયે વાતાવરણમાં પોતાની ચારે બાજુ એવી લાગણી થાય અને જો ચેતના પૂરતા પ્રમાણમાં વિશાળ હોય તો સમગ્ર પૃથ્વીમાં આ જ પ્રકારની સ્થિરતા અથવા આ જ પ્રકારની સહાનુભૂતિ અથવા તે જ પ્રકારની ઉદારતાનો અનુભવ થાય. અને તેથી વ્યક્તિ પૂરેપૂરી સચ્ચાઈથી અને સંપૂર્ણ જીવંત અનુભવથી કહી શકે કે ''આખું વિશ્વ પૂરેપૂરું દયામય છે.'' (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૩૫૧-૩૫૨)

*

અને પછી એક યા બીજા કારણસર, તમને જગતમાંની અતિશય દુ:ખદાયી પરિસ્થિતિની સમક્ષ મૂકવામાં આવે, એમ બને કે તમારા કોઈ મિત્રો દુ:ખમાં હોય અથવા કોઈ સગાં-વહાલાંને વેદના થતી હોય અથવા તમે કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓમાં હો, તો પણ તમે તમારી જાતને જરાક આગળ પાથરો, અને તમે એવી માગણી કરો કે તમારી સમગ્ર ચેતના સર્વભાગે એકત્રિત થઈને એક એવી પૂર્ણતા પ્રત્યે ઊર્ધ્વગતિ કરે કે જેનો આવિર્ભાવ થવો જોઈએ. અને જગતમાંના આ જે સર્વ અજ્ઞાનને કારણે લોકો દુ:ખી થઈ રહ્યા છે તે અજ્ઞાનનું એક જ્યોતિર્મય જ્ઞાનમાં પરિવર્તન થઈ જાય અને આ સર્વ દુષ્ટ કામનાઓ પ્રકાશિત થઈને શુભ સંકલ્પોમાં ફેરવાઈ જાય. અને આ રીતે, આપણાથી જેટલા પ્રમાણમાં બને તેટલા પ્રમાણમાં, જેટલું પોતે સમજી શકતા હોઈએ તેટલા પ્રમાણમાં, આપણે આપણા સમગ્ર હૃદય વડે કામના કરીએ; હા, એ વસ્તુ એક પ્રાર્થનાનું સ્વરૂપ પણ લઈ શકે છે — અને માગણી કરી શકે છે — શેની માગણી? — એવી એક વસ્તુની માગણી કે જેની પાસે જ્ઞાન હોય, જેની પાસે સામર્થ્ય હોય, જે પોતાના કરતાં વધુ મહાન અને બળવત્તર હોય, કે જેથી પોતે જે માગણી કરે છે તે પૂરી થઈ શકે, અને એ પ્રાર્થનાઓ કેટલી બધી સુંદર થાય! (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૬૫-૨૬૬)

*

માનવ પ્રાણ લગભગ હંમેશાં એવા સ્વભાવનો જ હોય છે; લોકો તેને મનની સંકલ્પશક્તિનો પ્રયોગ કરીને તાલીમ આપતા રહ્યા છે અને તે જે વસ્તુ માગે તે નહિ પણ બુદ્ધિ કે સંકલ્પશક્તિને જે વસ્તુ યોગ્ય કે ઇષ્ટ લાગે તે વસ્તુ કરવાની તેને ફરજ પાડતા રહ્યા છે. યોગમાં તમે આંતર સંકલ્પ-શક્તિનો પ્રયોગ કરો છો અને પ્રાણને તપસ્યાને આધીન થવાની ફરજ પાડો છો, અને એમાંથી પછી તે શાંત, બળવાન અને આજ્ઞાધીન બને છે. પ્રાણ એ સાધન તરીકે સારો છો, પણ માલિક તરીકે ખરાબ છે. જો તમે તેને ગમાઅણગમા, તેની ધૂનો, તેની ઇચ્છાઓ, તેની ખરાબ ટેવો પ્રમાણે વર્તવા દો, તો તે તમારો માલિક થઈ બેસે છે અને પછી શાંતિ અને સુખ રહી શકતાં નથી.

*

સરેરાશ માનવપ્રકૃતિની અંદર રહેલો અસંસ્કારી પ્રાણ કોઈ તેને લાભની વસ્તુ કરી આપે તો તે માટે ઉપકાર અનુભવતો નથી, કોઈના ઉપકાર હેઠળ આવવું એ વાત તેની અંદર તિરસ્કાર જન્માવે છે. જ્યાં સુધી તેને મળતો લાભ ચાલુ રહે છે ત્યાં સુધી તે બહુ ઉમળકો બતાવે છે અને મીઠી મીઠી વાતો કરે છે, અને જ્યારે તેને કોઈ વસ્તુની જરૂર રહેતી નથી ત્યારે તરત તે અવળો ફરી જાય અને જે હાથ તેને ખાવાનું આપતા હતા તેને તે બચકું ભરે છે. અને કોઈક વાર તો, તેને જ્યારે એમ લાગે છે કે પોતાના ઉપકારકર્તાને, તેની નિંદા કે દોષ-દર્શન કોણ કરી રહ્યું છે, તેને કોણ ગાળો દઈ રહ્યું છે, તે વાતની ખબર પડવાની નથી તો એ વહેલું પણ બચકું ભરી લે છે. આ બધી બાબતોમાં, બેશક, જે લોકોમાં ચૈત્ય તત્ત્વ વિકાસ પામેલું હોય છે તેઓ સ્વભાવથી જ કૃતજ્ઞ રહેનારા હોય છે અને તેમનો વર્તાવ આ રીતનો થતો નથી હોતો. **શ્રી અરવિન્દ**

(વ્યવહારુ માર્ગદર્શન - ભાગ-૨ પૃ. ૫૭ને ૫૮)

*

માનવસ્વરૂપોને એવી ટેવ હોય છે કે તેઓ અન્ય લોકો સાથેના સંબંધોનો આધાર ભૌતિક, પ્રાણમય અને મનોમય સંપર્કો ઉપર રાખે છે. અને એને લઈને જ એ સંબંધોમાં લગભગ વિસંવાદ અને દુઃખ હંમેશાં હોય છે. એને બદલે જો એ લોકો એમના સંબંધોનો પાયો ચૈતસિક સંપર્કો (આત્મા અને આત્મા વચ્ચેના) ઉપર રાખે, તો તેઓને જણાશે કે બહારના ખળભળાટભર્યા દેખાવોની પાછળ એક ગહન તેમ જ શાશ્વત સંવાદિતા રહેલી છે, જે જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં પોતાને વ્યક્ત કરી શકે તેમ છે અને ગેરવ્યવસ્થા તથા દુઃખને સ્થાને શાન્તિ અને આનંદને સ્થાપી શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૨૮૦)

*

લોકોનાં પ્રતિકાર્યો — ભલે ગમે તેટલા અસુખકર કેમ ન હો — થી તમે ચિંતિત થશો નહિ. — પ્રાણ સર્વસ્થળે અને પ્રત્યેકની અંદર રહેલો છે અને એ અશુદ્ધિથી ભરેલો હોય છે. અને શારીરિક સ્વરૂપ અભાનતાથી સભર ભરેલું હોય છે. આ બે અપૂર્ણતાઓને દૂર કરવી જ રહી. એને માટે ભલેને લાંબો સમય લાગી જાય. આપણે તો એના પર ધીરજપૂર્વક અને હિંમતપૂર્વક કાર્ય કર્યે જવાનું છે. (CWM 14 : 280)

ભ્રાતૃભાવ

શ્રી માતાજી : તમે આ દુનિયામાં અમુક જાતના લોકોમાં, અમુક પ્રકારની વસતીમાં આવેલા હો છો. તમારા પૈકી અમુક જૂજ અપવાદોની વાત બાદ કરતાં, તમારા પૈકી ઘણાખરાને જ્યારે તમે સાવ નાની ઉંમરના હો છો ત્યારે તમારી આસપાસ આવી રહેલી વસ્તુઓ તદ્દન સ્વાભાવિક લાગતી હોય છે, કારણ કે તમે તે બધાની વચ્ચે જન્મેલા હોઈ તેમનાથી સારા પ્રમાણમાં ટેવાઈ ગયેલા હો છો. પરંતુ એમ બનવું શક્ય છે કે કેટલાક સમય બાદ, તમારામાં અમુક પ્રકારની આધ્યાત્મિક અભીપ્સા જાગ્રત થાય ત્યારે, તમે જે પ્રકારના વાતાવરણમાં જીવતા હોય તેમાં રહેવા બાબત તમારામાં સારા પ્રમાણમાં અણગમો ઉત્પન્ન થાય. દાખલા તરીકે, તમારામાં જે પ્રકારની અભીપ્સા જાગ્રત થઈ હોય તેવી તમને ઉછેરનાર લોકોમાં ન હોય કે તેમના વિચારો, તમારામાં વિકાસ પામી રહેલી વસ્તુથી તદ્દન ઊલટા હોય તો તેમ બનવું તદ્દન શક્ય છે. જો વસ્તુસ્થિતિ એ પ્રકારની હોય તો તમારે એમ ન કહેવું કે 'જુઓને, આવા કુટુંબમાં હું આવી પડ્યો છું, શું કરું? મારે મા, બાપ, ભાઈઓ, બહેનો બધાં છે...'એમ કરવાને બદલે, તમારે તમારામાં જેવી અભીપ્સા હોય તે પ્રકારની જ અભીપ્સા ધરાવનાર લોકો, તમારા જેવી જ લાગણીઓ ધરાવનાર લોકોની શોધમાં નીકળી પડવું જોઈએ. (આમ કહેવાનો મારો અર્થ એ નથી કે આ વસ્તુ કરવા માટે તમારે કોઈ પ્રવાસ આરંભવો જ). જો તમારામાં તમારી જેમ જ કોઈ ખાસ વસ્તુની શોધમાં રહેલ વ્યક્તિઓને ખોળી કાઢવાની ખરા અંતરની અભીપ્સા હશે તો, એક યા બીજા પ્રકારે, તદ્દન અણકલ્પેલા સંજોગો દ્વારા તમને તેમનો મેળાપ થવાના પ્રસંગો આવી મળશે. અને આ રીતે જ્યારે બરાબર તમારા જેવી જ મનોદશા અને અભીપ્સા ધરાવનાર એક યા વધુ વ્યક્તિઓનો તમને મેળાપ થશે ત્યારે કુદરતી રીતે જ તમારી વચ્ચે નિકટતા, તાદાત્મ્ય, અને મિત્રતાના સંબંધોની રચના ઊભી થશે, તમારો એક જાતનો ભ્રાતૃવર્ગ ઊભો થશે. અને એ રીતે તમારા સાચા કુટુંબની રચના થશે. તમે એકબીજાની સાથે વસતા હશો, કારણ કે તમે એકબીજાની નિકટ હશો, તમે એક સાથે રહેતા હશો, કારણ કે તમારામાં એક સરખી અભીપ્સા હશે, એક બીજાની સાથે હશો, કારણ કે તમારામાં એક ધ્યેયનું નિર્માણ કરવાની ઇચ્છા હશે. જ્યારે તમે વાતચીત કરતા હશો ત્યારે તમે એકબીજાને અંતરથી સમજતા હશો અને તેથી તમે જે વસ્તુ બોલતા હશો તે અંગે તમારે ચર્ચા કરવાની જરૂર નહીં રહે અને તમે એક પ્રકારના અંતરના સંવાદમાં જીવન ધારણ કરતા હશો. સાચું કુટુંબ આ છે, આ કુટુંબ અભીપ્સાનું, આધ્યાત્મિક વલણોનું કુટુંબ હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૯૫-૨૯૬)

*

કૃતજ્ઞતા, ઉદારતા અને સંવાદિતા

મેં એવા કેટલાક માણસોને જોયા છે, જેમને કશાનું જ્ઞાન ન હતું, જેઓ લગભગ અભણ હતા, જેમનાં મન તદ્દન સામાન્ય પ્રકારનાં હતાં, અને છતાં જેમનામાં આ આભાર-વૃત્તિની, હૃદયની ઉષ્માની શક્તિ હતી, જે પોતાની જાતને આપી દે છે, સમજે છે, અને આભાર માને છે.

તેવા લોકો માટે ચૈત્યિક સાથેનો સંપર્ક વારંવાર થતો, લગભગ સતત રહેતો, અને તેટલા પ્રમાણમાં તેઓ તેનાથી સભાન બની શકતા, બહુ નહિ તો થોડા સભાન; તેમને એમ લાગતું કે પોતે ખેંચાઈ રહ્યા છે, કશુંક તેમને મદદ કરી રહ્યું છે, પોતાથી ઊર્ધ્વમાં ઉઠાવી રહ્યું છે.

આ બે વસ્તુઓ લોકોને વધારેમાં વધારે તૈયાર બનાવે છે. જન્મથી જ તેમનામાં આ બેમાંની એક વસ્તુ હોય છે; જો તેઓ પ્રયત્ન કરે, તો તે ધીમે ધીમે વિકાસ કરે છે, વૃદ્ધિ પામે છે.

અમે કહીએ છીએ કે ઉત્સાહ માટેની શક્તિ, જે કોઈક વસ્તુ તમને તમારી દુ:ખી અને અધમ અહંતામાંથી બહાર કાઢે છે તે ઉદાર આભાર-વૃત્તિ, જે પણ પોતાની જાતને નાનકડી અહંતામાંથી આભાર પ્રગટ કરવામાં બહાર ફેંકે છે, આ બે વસ્તુઓ પોતાના ચૈત્યિક અસ્તિત્વમાં ભગવાન સાથે સંપર્ક સાધવાનાં સૌથી વધારે શક્તિશાલી ઉચ્ચાલન બિંદુઓ છે. તે ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક સાધવામાં એક સૌથી વધારે ખાતરીભરી કડી છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૪૨૩)

*

જ્યારે લોકો સાધના કરે છે ત્યારે એક ઊર્ધ્વ પ્રકૃતિ, ચૈત્ય અને આધ્યાત્મિક પ્રકૃતિ તેમની અંદર કામ કરતી રહે છે અને લોકોએ પોતાની પ્રકૃતિને ચૈત્ય પુરુષની તથા ઊર્ધ્વ આધ્યાત્મિક સ્વરૂપની અથવા તો ભગવાનની અસર નીચે મૂકવાની રહે છે. ફક્ત પ્રાણ અને શરીરે જ નહિ, પરંતુ મને પણ દિવ્ય સત્યને જાણવાનું છે અને પ્રભુના શાસનને વશ વર્તવાનું છે. પરંતુ માણસો તેમનામાં રહેલી અધઃપ્રકૃતિને લીધે તથા મન-પ્રાણ-શરીર ઉપરની તેની અખંડ પકડને લીધે પોતાની પ્રકૃતિને જૂની રીતો પ્રમાણે વર્તતાં પહેલાં અને લાંબા સમય સુધી રોકી શકતા નથી, - તેઓ પોતે શું કરવું કે શું ન કરવું તે જાણતા હોય અથવા ભીતરમાંથી તેમને કહેવામાં આવતું હોય ત્યારે પણ આવું બને છે. ફક્ત આગ્રહપૂર્વક સાધના કરવાથી જ, એક ઊર્ધ્વ આધ્યાત્મિક ચેતનામાં અને આધ્યાત્મિક પ્રકૃતિમાં પ્રવેશ કરવાથી જ આ મુશ્કેલીને જીતી શકાય છે. પરંતુ સૌથી વધુ શક્તિશાળી અને શ્રેષ્ઠ સાધકો હોય તેમને પણ આ માટે લાંબો સમય લાગે છે.

(વ્યવહારુ માર્ગદર્શન ભા. ૨ - ૩૧-૩૨)

*



શ્રી માતાજી વર્ગ લે છે.

અધિકાર અને કર્મ

હું સાધકોને અધિકારો આપતી નથી — હું તેમને કામ આપું છું, અને બધાને હું સરખી તક આપું છું. જેઓ સૌથી વધારે શક્તિશાળી અને સચ્ચાઈવાળા, પ્રામાણિક અને વફાદાર સાબિત થાય તેમને કામનો સૌથી મોટો ભાર અને સૌથી વધારે જવાબદારી આપું છું.

*

જ્યારે હું કોઈને કામ આપું છું ત્યારે તે ફક્ત કામ માટે જ નથી હોતું પરંતુ યોગના માર્ગમાં આગળ પ્રગતિ કરવાના શ્રેષ્ઠ સાધન તરીકે આપું છું. જ્યારે મે તમને આ કાર્ય આપ્યું ત્યારે તમારી મુશ્કેલીઓ અને ત્રુટિઓનો મને બરાબર ખ્યાલ હતો, પરંતુ તે જ સમયે જો તમે મારી મદદ અને શક્તિ પ્રત્યે ખુલ્લા થયા હોત તો તમે આ બધાં વિઘ્નો ઉપર વિજય મેળવી શક્યા હોત અને તે જ સમયે તમારી ચેતનામાં વૃદ્ધિ કરીને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લા થઈ શક્યા હોત.

હવે તમારે માટે સાચી પ્રગતિ કરવાનો અને જ્યારે તમારા સંકલ્પનો વિરોધ થયો હોય ત્યારે ભભૂકતા ક્રોધ રાખવાનો સમય પાકી ગયો છે. જો તમારે મને ખુશ કરવી હોય — અને મને તેમાં શંકા નથી — તો તમે સચ્ચાઈપૂર્વક 'ક્ષ'ને સહકાર આપશો અને તેની સાથે કાર્ય આગળ ધપાવશો.

હું આશા રાખું છું કે તમે આ વસ્તુ સાથે સહમત થશો અને હું તમને ખાતરી આપું છું કે મારો પ્રેમ, અને આશીર્વાદ તમારા આ પ્રયત્નમાં તમારી સાથે કાયમ રહેશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૧૨૭-૧૨૮)

*

મને આનંદ થાય છે કે અનુભવ દ્વારા તમે એ હકીકત વિશે સચેતન બન્યા છો કે હું તમારી સાથે છું.

આપણી વચ્ચે આ સાચો સંબંધ છે અને એક બાહ્ય સંપર્ક કરતાં વિશેષ છે.

શ્રી માતાજી

સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

૧ વર્ષ	રૂા. ૧૮૦/-	૧૦ વર્ષ	રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર)
૩ વર્ષ	રૂા. ૫૨૦/-	૨૦ વર્ષ	રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર)
૫ વર્ષ	રૂા. ૮૬૦/-		

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફ્ટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

ચેપી રોગવાળા માણસની સોબત આપણે કરતા નથી, કાળજીપૂર્વક તેનાથી દૂર રહીએ છીએ. સામાન્ય રીતે તેને એક ખાસ અલગ જગ્યાએ રાખવામાં આવે છે, જેથી તે ચેપી રોગ ફેલાય નહિ. પણ દુર્ગુણનો, દુરાચારનો, દુષ્ટતાનો, અસત્યનો, અધમનો ચેપ કોઈ પણ રોગના ચેપ કરતાં વધારે જોખમકારક હોય છે. તેનાથી કાળજીપૂર્વક દૂર રહેવું જોઈએ. તમને કહે કે હું તારાં દુષ્કૃત્યોમાં ભાગ નહિ લઉં, જે તમને પ્રલોભનોનો સામનો કરવા માટે હિંમત આપે, તેવા માણસને તમારે તમારો શ્રેષ્ઠ મિત્ર માનવો જોઈએ. તમારે તેની સાથે સોબત કરવી જોઈએ., અને નહિ કે તેની સાથે જેની સાથે તમે ગમ્મત-મજાક કરો છો અને જે તમારી દુષ્ટ વૃત્તિઓને બળવાન બનાવે છે.

હવે હું આ બાબતમાં ઝાઝું નહિ કહું. હું જેમને ઉદ્દેશીને આ કહી રહી છું તે બાળકો મારા કહેવાનો ભાવાર્થ સમજી જશે એવી હું આશા રાખું છું. ખરેખર, તમારે તમારા કરતાં વધારે ડાહ્યા માણસોની, જેમની સોબત તમને ઉદાત્ત બનાવે તેવી હોય તેમની, જે તમને સંયમ રાખવામાં અને પ્રગતિ કરવામાં, વધારે સારી રીતે વર્તવામાં અને વધારે સ્પષ્ટ રીતે જોવામાં મદદરૂપ હોય તેવા લોકોને મિત્રો તરીકે પસંદ કરવા જોઈએ. અને છેવટે શું ભગવાન જ આપણા શ્રેષ્ઠ મિત્ર નથી? ભગવાનને આપણે બધું જ કહી શકીએ છીએ. બધી ગુપ્ત વાતો તેમની આગળ પ્રગટ કરી શકીએ છીએ. ભગવાનમાં સર્વ દયાનું, — જો પુનરાવૃત્તિ ન કરાય તો — દરેક ભૂલને ભૂંસી નાખવાની શકિતનું ઉદ્‌ગમસ્થાન છે. [૧]

(૧) ૧૯૬૧માં જ્યારે આ વાર્તાલાપને પ્રસિદ્ધ કરવામાં આવ્યો ત્યારે માતાજીએ કહ્યું હતું, ‘‘જ્યાં સુધી માણસ પોતાની ભૂલોની પુનરાવૃત્તિ કરે છે, ત્યાં સુધી કોઈ ભૂલને ભૂંસી શકાતી નથી, કારણ કે માણસ હરક્ષણે તે ભૂલને પુનર્જીવિત કરતો હોય છે. જ્યારે માણસ કોઈ ગંભીર કે નાની ભૂલ પોતાના જીવનમાં કરે છે, ત્યારે તેનાં પરિણામો તેને મળે જ છે. તે ‘કર્મ’ ને ભોગવવું જ પડે છે, ભગવાનની કૃપા પ્રત્યે માણસ વળે, તો તેમાં સર્વ પરિણામોનો નાશ કરવાની તાકાત છે. પણ તે કૃપા મેળવવા માટે દુષ્કૃત્યની પુનરાવૃત્તિ ન થવી જોઈએ. માણસે એમ ન માનવું જોઈએ કે હું બધાં દુષ્કૃત્યો કર્યા જ કરીશ અને ભગવાનની કૃપા તે બધાંનાં પરિણામોને ભૂંસી નાંખ્યા જ કરશે. ભૂતકાળને વિશુદ્ધ બનાવી શકાય કે જેથી તે ભાવિ પર કોઈ વિપરીત અસર ના નીપજાવે. પણ તેમાં એ શરત છે કે તેણે તે ભૂતકાળને સતત ચાલુ વર્તમાનકાળ ન બનાવી મૂકવો જોઈએ. તમારામાંના દુષ્ટ આંદોલનને તમારે જ બંધ પાડી દેવું જોઈએ, તમારે તે આંદોલનની વારંવાર પુનરાવૃત્તિ ન કરવી જોઈએ.

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૭ : અંક ૧૧)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૨૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.